


### પત્રાંક ૨૦૮

મુંબઈ, માહ વદ ૦)), ૧૯૪૭

અનંતા નય છે; એકેક પદાર્થ અનંત ગુણથી, અને અનંત ધર્મથી યુક્ત છે; એકેક ગુણ અને એકેક ધર્મ પ્રત્યે અનંત નય પરિણમે છે; માટે એ વાટે પદાર્થનો નિર્ણય કરવા માગીએ તો થાય નહીં; એની વાટ કોઈ બીજી હોવી જોઈએ. ઘણું કરીને આ વાતને જ્ઞાનીપુરુષો જ જાણે છે; અને તેઓ તે નયાદિક માર્ગ પ્રત્યે ઉદાસીન વર્તે છે; જેથી કોઈ નયનું એકાંત ખંડન થતું નથી, અથવા કોઈ નયનું એકાંત મંડન થતું નથી. જેટલી જેની યોગ્યતા છે, તેટલી તે નયની સત્તા જ્ઞાનીપુરુષોને સમ્મત હોય છે. માર્ગ જેને નથી પ્રાપ્ત થયો એવાં મનુષ્યો 'નય'નો આગ્રહ કરે છે; અને તેથી વિષમ ફળની પ્રાપ્તિ હોય છે. કોઈ નય જ્યાં દુભાતો નથી એવાં જ્ઞાનીનાં વચનને અમે નમસ્કાર કરીએ છીએ. જેણે જ્ઞાનીના માર્ગની ઈચ્છા કરી હોય એવા પ્રાણીએ નયાદિકમાં ઉદાસીન રહેવાનો અભ્યાસ કરવો; કોઈ નયમાં આગ્રહ કરવો નહીં અને કોઈ પ્રાણીને એ વાટે દુભાવવું નહીં, અને એ આગ્રહ જેને મટ્યો છે, તે કોઈ વાટે પણ પ્રાણીને દુભાવવાની ઈચ્છા કરતો નથી.

### પત્રાંક – ૨૦૯

મહાત્માઓએ ગમે તે નામે અને ગમે તે આકારે એક 'સત્'ને જ પ્રકાશ્યું છે. તેનું જ જ્ઞાન કરવા યોગ્ય છે. તે જ પ્રતીત કરવા યોગ્ય છે, તે જ અનુભવરૂપ છે. અને તે જ પરમ પ્રેમે ભજવા યોગ્ય છે.

તે 'પરમસત્'ની જ અમો અનન્ય પ્રેમે અવિચ્છિન્ન ભક્તિ ઇચ્છીએ છીએ.

તે 'પરમસત્'ને 'પરમજ્ઞાન' કહો, ગમે તો 'પરમપ્રેમ' કહો, અને ગમે તો 'સત્–ચિત્–આનંદ સ્વરૂપ' કહો, ગમે તો 'આત્મા' કહો, ગમે તો 'સર્વાત્મા' કહો, ગમે તો એક કહો, ગમે તો અનેક કહો, ગમે તો એકરૂપ કહો, ગમે તો સર્વરૂપ કહો, પણ સત્ તે સત્ જ છે. અને તે જ એ બધા પ્રકારે કહેવા યોગ્ય છે, કહેવાય છે. સર્વ એ જ છે, અન્ય નહીં.

એવું તે પરમતત્ત્વ, પુરુષોત્તમ, હરિ, સિદ્ધ, ઈશ્વર, નિરંજન, અલખ, પરબ્રહ્મ, પરમાત્મા, પરમેશ્વર અને ભગવત આદિ અનંત નામોએ કહેવાયું છે.

અમે જ્યારે પરમતત્ત્વ કહેવા ઇચ્છી તેવા કોઈ પણ શબ્દોમાં બોલીએ તો તે એ જ છે, બીજું નહીં.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ડિસેમ્બર–૨૦૧૯)નું શુલ્ક શ્રી પિયૂષભાઈ નગીનદાસ ભાયાણી, કોલકાટા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૬૪, વર્ષ–૨૪, ડિસેંબર–૨૦૧૯

## અષાઢ વદ ૨, સોમવાર, તા.૪-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર
## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૭૧, પ્રવચન–૨૫

હવે ૭૧ (ગાથા) મોટી તકરારી છે. **'પુણ્યને (પણ) પાપ જાણે તે જ જ્ઞાની છે.'** મથાળું એ બાંધ્યું છે. શરીર, વાણી, મન તો પર છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કમાવું એ ભાવ પાપ છે પણ અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા, જાત્રાના ભાવ થાય છે એ પુણ્ય (ભાવ છે), તે પુણ્ય પણ પાપ છે. છે કે નહિ પણ અંદર? હેં?

મુમુક્ષુ :— ખુલ્લેખુલ્લું છે.

ઉત્તર :— ખુલ્લેખુલ્લું છે? શ્લોક છે ને એનો? ગુજરાતી શું છે? હેં?

**પાપરૂપને પાપ તો, જાણે જગ સહુ કોઈ;**
**પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ. ૭૧.**

વસ્તુ હોય એવી કહે ને! કહો, સમજાણું કાંઈ?

**'જે પાપ છે તેને પાપ જાણીને તો સૌ કોઈ તેને પાપ જ જાણે છે.'** હિંસાનો ભાવ, જૂઠનો ભાવ, ચોરીનો ભાવ, ભોગનો ભાવ, કમાવાનો ભાવ, ક્રોધ, માન, માયા, લોભભાવને તો સૌ કોઈ પાપ કહે છે, પણ **'पुण्णु वि पाउ वि भणइ'**. એ બુદ્ધિમાન કોઈ વિરલા છે. **'કોઈ પુણ્યને પણ પાપ કહે છે...'** આહાહા..! સમજાણું કાંઈ? એ દયા, દાન, ભક્તિ શુભભાવ છે. ભગવાન શુભભાવને છોડીને કેવળી થયા છે. શુભભાવને સાથે રાખીને થયા નથી. શુભભાવ પણ નિશ્ચયથી પોતાના શુદ્ધ પવિત્ર ધર્મની દ્રષ્ટિની અપેક્ષાએ એ પુણ્યભાવ પણ પાપ જ છે. આહાહા..! રાડ નાખે છે, અત્યારે તો હજી પુણ્યના પણ ઠેકાણા ન મળે એ ધર્મ. 'નગિનભાઈ'! જાઓ, એક જાત્રા કરી, નવ્વાણુ જાત્રા કરી ઈ ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. નવ્વાણુ શું, સૂકાઈ જાય નહિ ન્યાં અનંતવાર. એ શુભભાવ છે. હા, શુભભાવ છે. આત્માના સ્વભાવથી પતિત થાય માટે પાપ છે.

'દ્ર' શબ્દ પડ્યો છે ને? જુઓ! બુધ—'દ્ર'. જ્ઞાની તેને પાપ કહે છે, એમ કહે છે. મૂળ પાઠમાં તો એમ કહે છે. અજ્ઞાની પાપને પાપ તો સૌ કોઈ કહે પણ જ્ઞાની પુણ્યને પણ પાપ કહે. કેમકે તેનાથી આત્માનું કલ્યાણ થતું નથી. આહાહા..! આ તો 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ ૮૦૦ વર્ષ પહેલા ભરતક્ષેત્રમાં થયા છે. આ અત્યારનું લખાણ નથી. પહેલાનો પાઠ છે.

મુમુક્ષુ :— જાત્રા કરવા ન જાવું ?

ઉત્તર :— જાવા, ન જાવાની (વાત નથી). એ શુભભાવ હોય પણ એ શુભ પુણ્યબંધન છે. એને પુણ્ય ગણવું અને નિશ્ચયથી એને પાપ ગણવું. વ્યવહારે પુણ્ય, નિશ્ચયથી પાપ, લ્યો! આહાહા..! ભારે આકરું. ઓલા કહે, ભગવાનના દર્શન કરે (તો) મોક્ષ થઈ જાય. હે પ્રભુ! શિવપદ અમને દેજો. દેજો, દેજો રે મહારાજ, શિવપદ અમને દેજો. ન્યાં ભગવાન પાસે તારું શિવપદ

હશે?

મુમુક્ષુ :— એ ભગવાન પાસે ન હોય તો ક્યાં હોય?

ઉત્તર :— આ ભગવાન પાસે છે, નિજ ભગવાન પાસે પોતાનું શિવપદ છે, અંતરમાં શિવપદ પડ્યું છે. બહારથી આવનારી ચીજ ક્યાં છે? ભગવાન ક્યાં આપે છે? અને ભગવાનની ભક્તિથી શું મળે છે? પુણ્ય થાય, શુભભાવ થાય છે. પાપથી બચવા શુભભાવ આવે છે. નિશ્ચયથી પોતાનું સ્વરૂપ અમૃત છે, ભગવાન અમૃતસ્વરૂપ છે. પુણ્યમાં આવવું એ પણ પોતાના સ્વરૂપથી પતિત થાય છે તે અપેક્ષાએ જ્ઞાની પુણ્યને પાપ કહે છે. અજ્ઞાનીને મીઠા લાગે માટે એની ભાષાએ મીઠા કહે. મીઠા શેના? પુણ્યના ફળ ઝેર છે. પુણ્યના ભાવ પોતે ઝેર છે. વળી એના ફળ સંયોગ મળે ને ધૂળ મળે, બાયડી, છોકરા, પૈસા (મળે) એમાં ફળ શું? એ તો પરચીજ છે, પરમાં ક્યાં આત્મા આવ્યો? તેનું લક્ષ કરીને ભોગ લેવો એ તો રાગ છે, એ તો અશુભરાગ છે. એ અશુભરાગ તો પાપ છે જ, ઝેર છે જ. આહાહા..! પણ પુણ્યભાવ પણ ઝેર છે, પાપ છે એમ જ્ઞાની કહે છે. આહાહા..! કેટલાક તો મુનિને ખોટા ઠેરવે. કહે, નહિ, એમ ન હોય. ન બેસે એ ઊડાવી દે, નહિ, એ નહિ. આ શું કહે છે? જુઓ!



**'जो पुण्णु वि पाउ वि भणइ सो बुह को वि हवेइ'** એ જ્ઞાની કો'ક હોય. પુણ્યને પણ પાપ કહે એ જ્ઞાની કોઈ હોય. અજ્ઞાની તો પાપને પાપ કહે જ છે, જ્ઞાની પણ પાપને પાપ કહે છે, પણ જ્ઞાની પુણ્યને પણ પાપ કહે છે. આહાહા..! પોતાના શુદ્ધ સ્વરૂપને છોડીને જેટલા એ શુભ-અશુભ વિકલ્પ ઉઠે છે, પરમાર્થે પવિત્રતાની અપેક્ષાએ એ અપવિત્ર ભાવ છે, નિશ્ચયની અપેક્ષાએ પોતાના અમૃતઆનંદને લૂંટનારો એ શુભભાવ છે. આ.હા...! મદદ કરનાર નહિ. આહાહા..! અજ્ઞાની કહે છે કે, એ શુભભાવ છે તો તેનાથી ક્ષાયિક સમકિત થાય છે. શુભભાવથી ક્ષાયિક સમકિત થાય છે, શુભભાવથી આમ થાય છે અરે.. ભગવાન!

અહીં તો કહે છે, શુભજોગ તો પોતાનો અમૃત ચૈતન્યપ્રભુ, અમૃતનો સાગર પડ્યો છે, એમાંથી બહાર નીકળવું એ શુભરાગ પોતાના અમૃતથી વિરુદ્ધ ભાવ છે (માટે) જ્ઞાની તેને પાપ કહે છે. પડે છે, પડે છે, નિજ સ્વરૂપમાંથી બહાર નીકળે છે. આહાહા...!

મુમુક્ષુ :— પહેલું શું કરવું?

ઉત્તર :— પહેલું આ સ્વરૂપની દૃષ્ટિ કરવી. પહેલા પુણ્ય અને પાપના રાગની રુચિ છોડીને પોતાનો શુદ્ધ ભગવાનઆત્મા પવિત્ર છે તેની દૃષ્ટિ કરવી, એ પહેલામાં પહેલું સમ્યગ્દર્શન પ્રગટ કરવું. 'જ્ઞાનચંદજી' શું કરવું પહેલા? આહાહા..! ભેદ કરવો. 'સમયસાર'માં આવ્યું નહોતું? પહેલા શું કરવું? આવ્યું હતું ને? બધા હતા ને? 'બંસીધરજી' (હતા ત્યારે કહ્યું તો) ખળભળાટ થઈ ગયો. હાય.. હાય..! આ શું કહે છે? જુઓ! આ શું કહે છે? એમાં શું લખ્યું છે? જુઓ! આત્મા અને બંધને પ્રથમ તો તેના નિશ્ચય સ્વલક્ષણના જ્ઞાનથી સર્વથા છેદવા. પ્રથમ આ કરવું. 'પ્રથમ' શબ્દ પડ્યો છે. પહેલામાં પહેલું ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' સંત, કેવળીઓ કહે છે, ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી છે અને બંધમાં રાગ, પુણ્ય, દયા, દાન બધા બંધભાવ છે. પ્રથમ તો આત્મા અને બંધ, તેના નિયતનિશ્ચય સ્વલક્ષણ. રાગનું બંધ સ્વલક્ષણ છે, ભગવાનઆત્મા જ્ઞાનલક્ષણે બિરાજમાન ભિન્ન છે. તેમને સર્વથા છેદવા. એવો શબ્દ અહીંયાં પડ્યો છે. સંસ્કૃત ટીકા (છે). થોડોક પણ રાગનો અંશ મને મદદ કરશે, એમ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ : સાંભળવાનું શી રીતે ?

ઉત્તર : આ કરે. (બાકી) બધું તો અનંતવાર

સાંભળ્યું છે. એમાં શું કર્યું એણે?

જુઓ! પહેલા 'અમૃતચંદ્રાચાર્યદેવે' **'जीवो बंधो य तहा छिज्जंति सलक्खणे हिं णियएहिं'** એમાંથી કાઢ્યું. બંધને છેદવો, એ બંધને છેદવો. પુણ્ય-પાપના પરિણામ એ બંધરૂપ સ્વરૂપ છે. ભગવાનઆત્મા જ્ઞાન, આનંદ સ્વરૂપ છે. બેને પહેલા ભિન્ન કરવા, એ પહેલામાં પહેલું આત્માર્થીનું કર્તવ્ય છે. સમજાણું કાંઈ? એને છૂટવું છે કે નહિ? છૂટવું છે કે નહિ? કે બંધાવું છે? બંધાવું છે તો અનાદિથી બંધાય છે. હવે છૂટવું હોય તો પહેલા શું કરવું? કે, પુણ્ય-પાપ ભાવ અને આત્મા ભિન્ન છે એમ પહેલી દૃષ્ટિ કરવી.

મુમુક્ષુ :— પાપભાવ તો પાપ છે પણ પુણ્ય કેવી રીતે પાપ છે?

ઉત્તર :— ઈ પુણ્ય એટલે પવિત્રતા, આત્મા. પુણ્ય-પાપના વિકલ્પ, બન્ને પાપ છે, બંધ છે, દુઃખના કારણ છે, બન્ને ઝેરીલા ભાવ છે. ભગવાનઆત્મા અમૃતસ્વરૂપ છે. બન્નેનો સર્વથા ભેદ કરવો, એમ પાઠ પડ્યો છે. જુઓ! પછી (કહે છે), રાગાદિ જેનું લક્ષણ છે તે સમસ્ત બંધને છોડવો. જુઓ! રાગ લક્ષણ કોનું છે? શુભભાવ રાગનું લક્ષણ છે કે આત્માનું લક્ષણ છે? પ્રથમમાં પ્રથમ 'કુંદકુંદાચાર્યમહારાજ' કહે છે. પહેલા, **'तावत्'**, પ્રથમ. સમજાણું કાંઈ? ૨૯૫ ગાથા.

પહેલામાં પહેલું તારે આત્માનું કર્તવ્ય કરવું હોય અથવા મોક્ષનોછૂટવાનો ઉપાય કરવો હોય તો પુણ્ય-પાપના ભાવ વિકલ્પ બંધનું લક્ષણ છે, ભગવાનઆત્મા જ્ઞાનલક્ષણે ભિન્ન બિરાજે છે. બેનો સર્વથા ભેદછેદ કરવો તે જ તેનું પ્રથમ કર્તવ્ય છે. પુણ્ય-પાપના ભાવથી ભગવાનઆત્માનું ભેદજ્ઞાન કરવું, ભેદજ્ઞાન કરવું તે જ તેનું પ્રથમ આચરણ છે, તે જ પહેલું કર્તવ્ય છે. એ કર્તવ્ય અનંતકાળમાં જીવોએ કર્યું નથી, બાકી બધું અનંતવાર કર્યું છે. જૈન મુનિ દિગંબર થઈને નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. એમાં શું થયું? શુભભાવની ક્રિયા કરી શુક્લલેશ્યા થઈ તો સ્વર્ગમાં ગયો.

મુમુક્ષુ :— શુકલલેશ્યામાં ત્યાં તો સુખ ભોગવ્યું ને!

ઉત્તર :— સુખ ક્યાં? ધૂળમાં સુખ હતું? ૩૧ સાગર દુઃખ ભોગવીને આવ્યો. સુખ કે દિ' (હતું)? સુખ તો આત્મામાં છે. આહાહા..! સુખ તો આત્મામાં છે. એ પુણ્યભાવથી સ્વર્ગ મળ્યું તો પુણ્યભાવ દુઃખ છે અને (એના ફળમાં) સ્વર્ગ મળ્યું એ પણ દુઃખ છે. ધૂળમાં ક્યાં સુખ હતું? ઓ..હો..હો...! આત્મામાં સુખ છે, એ વાત હમણાં સાંભળીએ છીએ. એક જણ કહેતો હતો. આત્મામાં સુખ છે, આત્મામાં સુખ છે એ ક્યાં સાંભળ્યું હતું? આત્મામાં સુખ છે. તમે કહ્યું હતું ને? કાલે સાંજે કો'કે કહ્યું હતું. એણે કહ્યું હતું, ઠીક! ભાઈએ કહ્યું'તું સાચી વાત છે. એણે સાંજે કહ્યું હતું કે, આત્મામાં સુખ છે એ સાંભળ્યું જ પહેલી વાર. એ પુણ્ય-પાપના ભાવમાં પણ સુખ નથી, એના બંધનમાં પણ સુખ નથી, એના ફળમાં પણ સુખ નથી.

ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં હુકમ આવ્યો છે કે, હે આત્મા! આનંદ તારા સ્વરૂપમાં છે. પુણ્ય-પાપના ભાવમાં આનંદ નથી, પુણ્ય-પાપથી બંધન પડે એમાં આનંદ નથી. આ તીર્થંકર પ્રકૃતિનો બંધ પડે એમાં આનંદ નથી. જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાય એ ભાવમાં આનંદ નથી અને પ્રકૃતિનું ફળ સમવસરણ મળે એમાં આનંદ નથી, એમ કહે છે. આહાહા..! ભારે કામ, ભાઈ! એ... 'માંગીરામજી'! સાધુ બિચારા કેટલાક તો આમ ધ્રુજી ઉઠે, હોં! અર..ર..ર..! આવો માર્ગ! માર્ગ તો આવો છે. માન કે ન માન, માર્ગ બીજો હોતો નથી. આહાહા..!

**'ખરેખર આત્મા અને બંધને દ્વિધા કરવાનું પ્રયોજન છે કે બંધના ત્યાગથી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.'** 'પ્રથમ' શબ્દ લીધો છે, હોં! તે દિ' ત્યાં ભડક્યા હતા. કઈ સાલ? (સંવત) ૨૦૦૨ સાલ. બીજી સાલ, વીસ વર્ષ થયા, માગશર મહિનામાં. સાડી વીસ વર્ષ થયા. આહાહા..! વ્યાખ્યાનમાં ગાથા બરાબર એ ૨૯૫ આવેલી. એમાં આવ્યું, પ્રથમ શું કરવું? ધર્મદૃષ્ટિ કરવાવાળાએ પ્રથમ શું કરવું? પ્રથમ પુણ્ય-પાપના રાગ બંધસ્વરૂપથી ભગવાનઆત્મા ભિન્ન છે એમ પ્રથમ પરથી સર્વથા ભેદજ્ઞાન કરવું. સર્વથા પરથી (ભેદજ્ઞાન કરવું). સર્વથા (કહ્યું). કથંચિત્ રાગની મદદ અને કથંચિત્ (જ્ઞાનની

મદદ) એમ નહિ. 'શશીભાઈ'! સર્વથા જૈનશાસનમાં હોય? સર્વથા હોય? કથંચિત્ હોય. અહીં તો (કહે છે), સર્વથા છેદવા. રાડ નાખે. અનેકાંત નથી, અનેકાંત નથી. સર્વથા છેદવા, લક્ષ એક અંશમાં રાખવું નહિ તેનું નામ અનેકાંત છે. 'વિમલચંદજી'! લ્યો, હવે જુવાનિયાને બેસી જાય છે ને! ઓલાને બેસતું નથી, મોટા ઊંધા ભણી ભણીને ભણ્યા.

મુમુક્ષુ :— ઊંધા ભણ્યા ને પણ!

ઉત્તર :— આ પણ ભણેલા છે, નથી ભણ્યા? હેં? આહાહા..! અરે..! ભાઈ! પહેલા નિર્ણયમાં પણ તારા ઠેકાણા નથી, તારો માર્ગ ક્યાંથી નીકળશે? માર્ગ તો રાગ વિનાનો આત્મા છે એમાંથી નીકળશે કે રાગમાંથી નીકળશે? ઓ..હો...!

આખો વીતરાગમાર્ગ—સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ, તીર્થંકરનો માર્ગ (એ છે કે), પુણ્ય-પાપનો રાગ બન્ને બંધનું કારણ છે, ભગવાન અબંધસ્વરૂપી ચૈતન્ય લક્ષણ છે. બન્નેને અંતરમાં ભિન્ન કરવા, સર્વથા ભિન્ન કરવા. દયા રાખ્યા વિના. અરે..રે...! અનાદિથી મેં પુણ્ય કર્યું છે, મારી પાસે છે તો થોડું રાખું (એમ અભિપ્રાય રાખતો નહિ).

'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે કે, અરે..! અનાદિનો બંધુ, કર્મ અને રાગ સાથે આવ્યા, બંધુને નિર્દય થઈને મારી નાખ્યા. સાથે આવે છે ને? કાયમ સાથે રહેતા હતા, અનાદિથી પુણ્ય-પાપના ભાવ સાથે રહેતા હતા અને જડ કર્મ પણ સાથે રહેતા હતા. નિર્દય થઈને બંધુનો છેદ કરી નાખ્યો. 'પરમાત્મપ્રકાશ'માં 'યોગીન્દ્રદેવ' (કહે છે). આ પણ 'યોગીન્દ્રદેવ' છે. 'યોગીન્દ્રદેવ' કહે છે, મુનિઓ, સંતો, ધર્માત્મા એવા છે કે પોતાના બંધુને જ મારે છે. બંધુને જ ઉડાવે છે. બંધભાવ બંધરૂપ—બંધુરૂપ અનાદિથી સાથે છે (એને) ઊડાવ! છોડ! મારો ભાવ નથી. મારો ચૈતન્ય ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદ છે, એ પ્રકારે બંધભાવને છેદીને પોતાના સ્વભાવની દૃષ્ટિ કરી, પોતાના આત્માને ગ્રહણ કરીને આત્માનો અનુભવ કરવો એ જ ધર્મીનું પ્રથમ કર્તવ્ય છે. જ્યાં સુધી સ્થિરતા ન થાય (ત્યાં સુધી) વચમાં શુભભાવ થાય છે, ભક્તિ, પૂજા, દયા, દાન, જાત્રાના ભાવ થાય છે પણ એ ભાવ બંધનું કારણ છે, મોક્ષનું કારણ અને ધર્મનું કિંચિત્ કારણ નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**જગતના સર્વ પ્રાણીઓ સાંસારિક દુઃખોથી ડરે છે...**' જુઓ! બુધ કીધું ને? બુદ્ધિમાન કોઈ વિરલા છે. પુણ્યને પાપ કહેનારા બુદ્ધિમાન (છે), એને બુદ્ધિમાન કહે છે. પુણ્યને પુણ્ય કહે એ તો સાધારણ જનતા પણ કહે છે. આહાહા..! પણ બુધ—બુદ્ધિમાન, જ્ઞાનવંત ભગવાનની આજ્ઞા સ્વીકારનારા પુણ્યને પણ પાપ કહીને છોડવા માગે છે. '**જગતના સર્વ પ્રાણીઓ સાંસારિક દુઃખોથી ડરે છે તથા ઇન્દ્રિયસુખ ચાહે છે. સામાન્ય રીતે એ વાત પ્રસિદ્ધ છે કે પાપથી દુઃખ થાય છે અને પુણ્યથી સુખ થાય છે.**' એ સાધારણ લોકો એ ચર્ચામાં પડે.

'**જ્યારે ધર્મની ચર્ચા થાય છે ત્યારે એ જ વિચાર કરવામાં આવે છે કે પાપકર્મ ન કરો, પુણ્યકાર્ય કરો. પુણ્યથી ઊંચા કર્મ બંધાય છે.**' જુઓ! પુણ્યથી ઊંચા કર્મ બંધાય છે. '**ધન, કુટુંબ, પુત્ર, પત્ની, રાજ્ય અને અનેક વિષયભોગોની સામગ્રીનો લાભ એક પુણ્યથી જ થાય છે. ઈન્દ્રપદ, અહમિન્દ્ર પદ, ચક્રવર્તીપદ, નારાયણ અને પ્રતિનારાયણ, કામદેવ કે તીર્થંકરનું પદ આદિ મહાન મહાન પદ પુણ્યથી જ મળે છે.**' ચર્ચા થાય ત્યારે આ થાય છે, કહે છે. આ પુણ્ય કરો, પુણ્ય કરવાથી આવી પદવી મળશે, આવી પદવી મળશે.

'**અહીં આચાર્ય કહે છે કે જે સંસારના ભોગોના લોભથી પુણ્યને ગ્રહણયોગ્ય માને છે તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.**' એ પુણ્યભાવ ગ્રહણ કરવા લાયક છે, પુણ્યભાવ આદરવા લાયક છે, પુણ્યભાવ ઠીક છે, ભોગની ઈચ્છા કરવાવાળા પ્રાણી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. કહો, 'રતનલાલજી'! છે કે નહિ? શ્લોકમાં છે, જુઓ!

મુમુક્ષુ :— પુણ્ય ને પાપને એકતત્વ કરી નાખ્યું.

ઉત્તર :— પુણ્ય અને પાપ એક થઈ ગયા, આસ્રવ.

'**સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પાપની જેમ પુણ્યને પણ બંધન જાણે છે,...**' આહાહા..! શ્રદ્ધાના ઠેકાણા નહિ,

જ્ઞાનના ઠેકાણા નહિ તેને ધર્મ ક્યાંથી થશે? આહાહા..! કહો, સમજાણું? **'તેઓ પુણ્યને પણ પાપ કહે છે.'** પુણ્યને પણ બંધન જાણે છે અને પુણ્યને પણ પાપ કહે છે. ધર્મી તો પુણ્યને પણ બંધન જાણે છે તો બંધનને કારણે તેને પાપ કહે છે. **'જેનાથી સંસારમાં રહેવું પડે, વિષયભોગોમાં ફસાવું પડે, એ સ્વાધીનતાઘાતક પુણ્ય પણ પાપ જ છે.'** સ્વાધીનતાનો ઘાતક પુણ્ય પણ પાપ છે. પુણ્ય સ્વાધીનતાનો ઘાતક છે. આહાહા..! અહીં તો હજી પુણ્યની મીઠાશ (વેદે). પૈસા મળે ને પછી દેવ થાશું ને પછી ધૂળ થાશું. હેં? અરે..! ભગવાન! એ પણ આત્મા છે ને! ઊંધો પડે તોપણ ઈ છે ને! તીર્થંકરનો સમજાવ્યો ન સમજે અને અનંત પરિષહ પડે તોપણ સમકિતી ડોલ્યો જાય નહિ. એનામાં બેય તાકાત છે. આહાહા..!

વજ્રના, અગ્નિના ઉપરથી પ્રહાર પડે (તોપણ) ધર્મી પોતાના સ્વરૂપથી ડગ્યો ન જાય. હું ચૈતન્યમૂર્તિ છું, બીજી ચીજ હું નથી. ઈન્દ્ર દેવો આવીને મારફાડ કરીને કટકા કરી નાખે (અને કહે) પુણ્યમાં ધર્મ છે એમ માન. પુણ્ય ધર્મનું કારણ છે એમ માન, નહિ તો મારી નાખું. કોણ મારે? કોને મારે? શું છે? અમે તો પુણ્ય-પાપથી રહિત પોતાના સ્વભાવની દૃષ્ટિમાં ધર્મ માનીએ છીએ, બીજામાં ધર્મ માનતા નથી. સમજાણું કાંઈ?

**'જ્ઞાનીને એક આત્માનો આનંદ જ વહાલો છે.'** પુણ્ય વહાલું નથી. ધર્મીજીવને પુણ્યભાવ વહાલો નથી. આહાહા..! **'તેનો પૂર્ણ લાભ અને અનંતકાળ સુધી નિરંતર લાભ ત્યારે જ થાય છે...'** કોનો? આત્માનો, આનંદનો. આત્માનો આનંદ વ્હાલો છે, એ આનંદનો પૂર્ણ નિરંતર લાભ ક્યારે મળે? **'જ્યારે આ જીવ સંસારથી મુક્ત થઈને સિદ્ધ પરમાત્મા થઈ જાય, પુણ્ય પાપથી રહિત થઈ જાય. તેથી જ્ઞાની જીવ પુણ્ય પાપ દોષોને બંધનની અપેક્ષાએ સમાન જાણે છે.'** પુણ્ય-પાપ દોષોને, એમ. પુણ્ય-પાપ દોષોને, શુભ અને અશુભભાવ બન્ને દોષોને. દોષ કહ્યા છે ને? પડિકમણાના અધિકારમાં લીધું છે, શુભ-અશુભ બન્ને ભાવ દોષ (છે). **'પુણ્ય પાપ દોષોને બંધનની અપેક્ષાએ સમાન જાણે છે.'** આહાહા..!

**'બન્નેના બંધનું કારણ કષાયની મલિનતા છે.'** બંન્નેના બંધનું કારણ (કષાયની મલિનતા છે). પુણ્યથી પણ બંધન થાય છે અને પાપથી પણ બંધન થાય છે. બહારનો ભેખ પલટે છે પણ આત્મા પલટતો નથી. પુણ્ય બંધાય તો સ્વર્ગ મળે, ત્યાં તો ભેખ પલટ્યો એમાં આત્મા ક્યાં પલટ્યો? સમજાણું કાંઈ? શુભભાવથી પુણ્ય બંધાણું, પુણ્યબંધથી સ્વર્ગ મળ્યું, ધૂળની શેઠાઈ મળી એ તો બહારનો ભેખ પલટ્યો, અંદર શું પલટ્યું? સમજાણું?

**'મંદ કષાયથી પુણ્ય અને તીવ્ર કષાયથી પાપ બંધાય છે. કષાય આત્માના ચારિત્ર ગુણનો ઘાતક છે. બન્નેનો સ્વભાવ પુદ્ગલ છે.'** લ્યો! **'શાતા વેદનીય, શુભ આયુ, શુભ નામ, ઉચ્ચ ગોત્ર, પુણ્યકર્મ છે અને અશાતાવેદનીય, અશુભ આયુ, અશુભ નામ, નીચ ગોત્ર તથા ચાર ઘાતી કર્મ પાપકર્મ છે. બન્નેની કર્મવર્ગણાઓથી ઉત્પત્તિ છે, આત્માના ચેતન સ્વભાવથી ભિન્ન છે.'**

**'પુણ્યનો અનુભવ સુખરૂપ છે, પાપનો અનુભવ દુઃખરૂપ છે. એ બન્નેય અનુભવ આત્માના સ્વાભાવિક અનુભવથી વિરૂદ્ધ છે.'** સુખ.. સુખ. પૈસા મળ્યા, પુણ્યના ફળ મીઠા. કહે છે, **'બન્નેય અનુભવ આત્માના સ્વાભાવિક અનુભવથી વિરૂદ્ધ છે.'** ભગવાન અતીન્દ્રિય આનંદ, પોતાનું અતીન્દ્રિય શુદ્ધ સુખ, પોતાનું અતીન્દ્રિય શુદ્ધ સુખના અનુભવથી પુણ્ય-પાપના ભાવ, તદ્દન વિભાવ, વિરૂદ્ધ ભાવ છે. વિરૂદ્ધ ભાવ છે એમાં એક ઠીક છે અને બીજો અઠીક છે, એમ આવતું નથી. ભારે વાત, ભાઈ! કાલે આવ્યું હતું ને? વિરલા સુણે તત્ત્વને. આ વાતને કોઈ વિરલ સાંભળે. સાંભળનારા કહે, નહિ, નહિ. એમ ન હોય, એમ ન હોય. કંઈક પુણ્ય જોઈએ, પુણ્યથી આ થાય. એવા સાંભળનારા બિચારા ટોળેટોળા છે. પુણ્ય અને પાપ બન્ને બંધનરૂપ, દુઃખરૂપ, આત્માના અનુભવથી વિરૂદ્ધરૂપ, સ્વભાવથી વિભાવરૂપ ભિન્ન છે. જ્ઞાની તેને લાભદાયક માનતા નથી. આહાહા..!

'**બન્ને અનુભવ કષાયની કલુષતાના સ્વાદ છે.**' બન્નેનો સ્વાદ (કલુષિત છે). '**શુદ્ધાત્મામાં રમણતાના ઘાતક છે, બન્નેય અનુભવ કષાયની કલુષતાના સ્વાદ છે.**' પુણ્યભાવનો સ્વાદ કષાયનો, પાપભાવનો સ્વાદ કષાયનો. કષાય સમજ્યા? વિકાર. બન્નેમાં વિકારનો સ્વાદ છે.

મુમુક્ષુ :— વિકાર ઓછોવત્તો હોય.

ઉત્તર :— ઓછુંવત્તુ, જાત એક છે ને? બન્ને દુઃખની જાત છે. '**પુણ્ય અને પાપ બન્નેય નવા બંધના કારણ છે. બન્નેમાં તન્મય થવાથી કર્મનો બંધ થાય છે.**' ઠીક લખ્યું છે. પુણ્ય અને પાપ બન્ને ભાવમાં તન્મય થવાથી બંધ થાય છે. '**આ બંધ મોક્ષમાર્ગમાં વિરોધી છે.**' એ પુણ્ય પરિણામ મોક્ષમાર્ગનો વિરોધી છે. પુણ્ય-પાપ આત્માના ધર્મના લૂંટારા છે. 'શશીભાઈ'! વીતરાગમાર્ગની વાત પામર ઝીલી શકે નહિ. આ..હા...! '**એમ જાણીને જ્ઞાની જીવ પાપની જેમ પુણ્યને પણ સારુ કે ગ્રહણયોગ્ય માનતા નથી. તેઓ શુભ અને અશુભ બન્ને ભાવોથી વિરક્ત રહે છે, કર્મનો ક્ષય કરનાર અને આત્માનો આનંદ આપનાર એવા એક શુદ્ધોપયોગને જ માન્ય કરે છે.**' આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની જન્મ જયંતિ આનંદોલ્લાસપૂર્વક સંપન્ન તથા નવીન પ્રકાશન

પૂજ્ય ભાઈશ્રીની ૮૭મી જન્મજયંતિ આનંદોલ્લાસ પૂર્વક સંપન્ન થઈ. જન્મ જયંતિ પ્રસંગે કોલકાટા, મુંબઈ, આગ્રા, અમદાવાદ ઈત્યાદિ અનેક શહેરોમાંથી મુમુક્ષુઓએ આવી આ પ્રસંગને ઉત્સાહપૂર્વ ઉજવ્યો. આ પ્રસંગે શ્રી દીપચંદજી કાસલીવાલ દ્વારા રચિત 'ચિદ્‌વિલાસ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલ પ્રવચનોનું પુસ્તક પ્રકાશિત કરવામાં આવેલ છે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા 'સ્વાનુભૂતિદર્શન' ગ્રંથ તથા તત્ત્વાનુશીલન ગ્રંથ ઉપર થયેલા પ્રવચનોને કમ્પ્યુટરમાં ફિડ કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પુસ્તકો મંગાવવા હોય તેમણે નિમ્ન લિખિત નંબર ઉપર વોટ્‌સ એપ કરવા વિનંતી. શ્રી અતીનભાઈ જૈન, મો. ૭૦૪૩૩૭૦૫૦૬

## પુસ્તક મંગાવવા સંબંધી સૂચના

જે કોઈ મુમુક્ષુ ભાઈ બહેનોને જે કોઈ પુસ્તક મંગાવવા હોય તેમણે નિમ્નલિખિત નંબર ઉપર ફોન તથા વોટ્‌સ એપ કરવા વિનંતી. અતીનભાઈ જૈન, મો. ૭૦૪૩૩૭૦૫૦૬

## સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકા સંબંધિત

સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ભાવનગરથી પ્રકાશિત થતી સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકાના એડ્રેસ સંબંધિત કોઈપણ પ્રકારના ફેરફાર, નામ ઉમેરો અથવા કેન્સલ કરવા માટે નીચેના નંબર ઉપર ગ્રાહક નંબર લખી વોટ્‌સ એપ કરવા વિનંતી. પ્રશાંતભાઈ જૈન, મો. ૯૩૭૭૧૦૪૮૬૮

**પહેલાં ચારિત્રદોષ ટાળવાનો તું પ્રયત્ન કરે છે તે કરતાં પહેલાં દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર! દૃષ્ટિમાં વિકલ્પનો ત્યાગ કરતો નથી અને બહારના ત્યાગ કરી બેસે છે તે મિથ્યાત્વના જ પોષણનું કારણ છે. ૯૯.**

**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૯૯ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૬–૧૧–૧૯૮૨, પ્રવચન નં. ૧૭ (વિષય : માર્ગદર્શન)**



૯૯. 'પહેલાં ચારિત્રદોષ ટાળવાનો તું પ્રયત્ન કરે છે તે કરતાં પહેલા દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર!' શું કહે છે? કે સામાન્ય રીતે માર્ગનો ખ્યાલ નથી એવા જીવોને અનેક પ્રકારના વ્રત, સંયમ અને બાહ્ય ત્યાગમાં પુરુષાર્થની પ્રેરણા થાય છે. આ પદાર્થનો ત્યાગ કરું તો એ રાગ ન થાય, આ કાર્ય ન કરું તો એ રાગ ન થાય, ખાવું-પીવું અનેક પ્રકારના બાહ્ય ત્યાગમાં પરિણમે છે.

ખરેખર તો આત્માના સ્વભાવમાં સ્થિરતા વધે, સ્વભાવસ્થિરતા આવતાં અનેક પ્રકારના બાહ્ય વિષયોમાં વૃત્તિ જ ન ઉત્પન્ન થાય અને તે પૂર્વક બાહ્ય સંયોગોનો અભાવ થાય એને વાસ્તવિક ત્યાગ કહેવામાં આવે છે. એ મોક્ષમાર્ગની વાસ્તવિક પદ્ધતિ છે. એમ થયા વિના-સ્વરૂપસ્તિરતા થયા વિના પહેલેથી બાહ્ય પદાર્થનો ત્યાગ કરે અને એ બાહ્ય પદાર્થના ત્યાગથી પોતાને તે પદાર્થના રાગનો અભાવ થવાનું ઈચ્છે અથવા માને કે આ પદાર્થનો આ પ્રકારનો મારે નિયમ છે, વ્રત છે, સંયમ છે તેથી તેવો રાગ મને નથી અથવા એ ત્યાગ કરતાં મને એવો રાગ અભાવ થઈ જશે (એમ માનવું) એ પદ્ધતિ આખી ઉલ્ટી, વિપરીત છે, ઊંધી પદ્ધતિ છે. ખરેખર એ રીતે રાગનો અભાવ થતો નથી.

પ્રશ્ન એ ઉપસ્થિત થાય એવો છે કે સ્વરૂપસ્થિરતા થયા પહેલા વ્રત, નિયમ, સંયમ અંગીકાર ન કરવા? આ પ્રશ્ન ઉપસ્થિત થવા યોગ્ય છે. ભાઈ! શુભરાગ તને સહજ આવે તો સહજ આવતા શુભરાગને ન કરવો એ પ્રશ્ન નથી. કેમકે કરવો એ પણ પ્રશ્ન નથી. જ્યાં કરવાનો પ્રશ્ન નથી ત્યાં ન કરવાનો પણ પ્રશ્ન આપોઆપ નથી. જે શુભરાગ સહજ આવે તો ભલે સહજ આવે. પણ તેમાં એ શુભરાગ આવ્યો કે આટલું મારે વ્રત લેવું, આટલો મારે નિયમ પાળવો, આટલો સંયમ પાળવો, તેથી તે કોઈ માર્ગ છે એમ વિચારવા યોગ્ય નથી કે એમ માનવા યોગ્ય નથી. સ્પષ્ટીકરણ એટલું છે.

એટલે આમ લીધું છે કે દર્શનશુદ્ધિનો તું પ્રયત્ન પહેલા કર, ચારિત્રદોષ ટાળવાનો તું પ્રયત્ન કરે છે,.. એમાં હેતુ આવી જાય છે. ચારિત્રદોષ એટલે રાગાદિ ભાવ એને ટાળવાનો તું પ્રયત્ન કરે છો અને તે પણ દર્શનશુદ્ધિ થયા પહેલા એ પ્રયત્ન કરે છો તો એ તો પદ્ધતિ નથી.

'તે કરતાં પહેલા દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર!' જે દૃષ્ટિ ચોખ્ખી થવી જોઈએ અથવા શ્રદ્ધાનને જે સ્વરૂપનો વિષય મળવો જોઈએ, એ શ્રદ્ધા સ્વરૂપને ગ્રહે નહીં, શ્રદ્ધા તો રાગને ગ્રહે. શું પરિસ્થિતિ થાય છે? કે જે શ્રદ્ધાનમાં સ્વરૂપનું ગ્રહણ નથી તે શ્રદ્ધાનમાં રાગાદિ અન્ય તત્ત્વનું ગ્રહણ છે. શ્રદ્ધાએ તો રાગને ગ્રહણ કર્યો હોય અને રાગને છોડવો છે એ વાત કઈ રીતે બનશે?

ચારિત્રદોષ ટાળવો છે એટલે રાગ ટાળવો છે. હવે શ્રદ્ધામાં રાગને ગ્રહણ કર્યો છે, તો એ રાગ ટળવાનો કોઈ અવસર ખરો? કોઈ પ્રસંગ ખરો? રાગ કોઈ રીતે ટળી શકે નહીં.

જૈનદર્શનમાં જ આ પદ્ધતિ છે કે આત્મા જે વસ્તુ છે એનું વિજ્ઞાન જ એવું છે કે પ્રથમ એને દર્શનશુદ્ધિ થાય તો જ એને વાસ્તવિક શુદ્ધિની શરૂઆત થઈને પૂર્ણ શુદ્ધિ સુધીની એની અવસ્થા થાય. આ તો વસ્તુના વિજ્ઞાન અનુસાર છે. હવે એ દર્શનશુદ્ધિનો વિષય જ આખો એટલો સૂક્ષ્મ અને અનુભવગમ્ય છે કે દર્શનશુદ્ધિમાં આવ્યા વિના પ્રાયઃ જીવ, જૈન કે અજૈન, કહેવાતા જૈન કે અજૈન, એ ચારિત્રદોષ ટાળવાનો પ્રયત્ન કરે છે. એવું પ્રસિદ્ધપણે જોવામાં આવે છે. ભાઈ આમ કરે છે કે નહીં? આટલું આમ કરે છે કે નહીં? આટલી ક્રિયા કરે છે કે નહીં? ફલાણું કરે છે કે નહીં? રોજ ભગવાનના દર્શન કરે છે કે નહીં? પૂજા કરે છે કે નહીં? ત્યાંથી માંડીને આટલું છોડ્યું છે કે નહીં? આટલો તો ત્યાગ છે કે નહીં? એ વગેરે અનેક પ્રકારે રાગ કેટલો છે અને કેટલો નથી, ક્યો થાય છે અને ક્યો નથી થતો, અશુભ કેટલો થાય છે અને નથી થતો, શુભ કેટલો થાય છે અને નથી થતો, એમ ચારિત્રના દોષ ઉપર જ્યાં સુધી દૃષ્ટિ છે અથવા ચારિત્રના પરિણામ ઉપર દૃષ્ટિ છે, એના સદ્ભાવ કે અભાવ ઉપર (દૃષ્ટિ છે) એને એનાથી રહિત એવું જે શુદ્ધાત્મ સ્વરૂપ છે એનું શ્રદ્ધાન ક્યાંથી થાય? અને એ દર્શનશુદ્ધિનો પ્રયત્ન ન કરે, એ પ્રકારનો પ્રયત્ન ન કરે, દર્શનશુદ્ધિ થાય એટલે શુદ્ધ શ્રદ્ધાન થાય, આત્મશ્રદ્ધાન થાય એ પ્રકારનો પ્રયત્ન જ ન કરે (તો) એ પ્રયત્ન અન્યથા પ્રયત્ન છે. એ માર્ગ છે તે અન્યથા માર્ગ છે અથવા ઉન્માર્ગ છે અથવા એને અન્ય મત કહેવામાં આવે છે. અન્ય મત કહો, ઉન્માર્ગ કહો, અન્ય માર્ગ કહો. બધું એકાર્થ છે.

મુમુક્ષુ :— અશુભથી બચે છે એટલો લાભ નહીં?

પૂજ્ય ભાઈશ્રી :— પણ અશુભથી બચે છે અને રાગને શ્રદ્ધે છે એનું નુકશાન કેમ નથી જોતા? અશુભથી બચવાનો લાભ જોવાનું મન થાય છે પણ રાગનું શ્રદ્ધાન તીવ્ર થાય છે, એવું જે મોટું નુક્સાન થાય છે એ કેમ નથી દેખાતું? આ અમારો પ્રશ્ન છે.

મુમુક્ષુ :- શુદ્ધિ કરવા જાય ત્યારે સહચર રાગ ક્યો હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- સહજ પ્રકારનો રાગ? એ જોવું જ નથી. દર્શનશુદ્ધિનો પ્રયત્ન કરવો છે એટલે પ્રયોજન, પ્રયોજનને શું છે..

મુમુક્ષુ :— આ તો મારો સ્વાભાવિક પ્રશ્ન છે કે સ્વાભાવિક સહચર રાગ ક્યો હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :— સ્વભાવિક સહચર રાગ તો સામાન્ય રીતે તત્ત્વજ્ઞાનના વિચાર વિષયક રાગનું પરિણમન હોય છે, સામાન્ય ગણીએ તો. વિશેષપણે તો જેને જેવો ઉદય હોય તે. ભિન્ન ભિન્ન જીવોને જેને જેવો ઉદય હોય તે તે પ્રકારનો શુભાશુભ રાગ હોય છે. કેમકે કર્મનો ઉદય અને એને અનુસરવું એ તો અનાદિથી સહજ છે. પણ જે જીવ દર્શનશુદ્ધિ બાજુ વળે એને અંદરમાં તત્ત્વ વિષયક જે વિચારણા છે, એ પ્રકારનું જે તત્ત્વજ્ઞાનના રાગનું, વિકલ્પનું ઉત્પન્ન થવું છે એ સામાન્ય છે. દર્શનશુદ્ધિ થવાની સાથે સાથે આ દરેકને હોય.

મુમુક્ષુ :- અભક્ષ્ય આદિ છૂટેલા હોય એવો નિયમ નહીં?

પૂજ્ય ભાઈશ્રી :- ના, એવો કાંઈ નિયમ નહીં. અભક્ષ્યમાં શું છે કે હવે સામાન્ય લેવું છે ને! ચારે ગતિના જીવો લેવા પડશે. ચારે ગતિના જીવો લઈએ, તો ભગવાન 'મહાવીરસ્વામી' દસમા ભવમાં હરણને મારીને ખાવાની વૃત્તિમાં તત્પર હતા. શું હતું? ચિત્ર છે ને? દસમા ભવમાં સમ્યગ્દર્શન થયું એ પહેલાની જો એમની ક્ષણો જોઈએ તો અભક્ષ્ય ક્યારે એમણે છોડ્યું હતું? કે છોડ્યું જ નહોતું.

જ્યારે એમને ભૂખ લાગી અને હરણને જોયું, હરણને માર્યું, મારી નાખ્યું ત્યાં સુધી તો ખાવાની વૃત્તિ હતી. પછી જ્યાં ઉપરથી મુનિઓ ઉતરે છે ત્યારે પહેલું તો આશ્ચર્ય થાય છે. સિંહનો જીવ છે ને! એટલે આશ્ચર્ય થાય છે કે અરે..! મનુષ્ય આદિ પ્રાણીઓ મારા જેવા ક્રૂર પ્રાણી—મને જોઈને તો દૂર ભાગે છે અને આ મનુષ્યો સામે ચાલ્યા આવે છે! આ શું! વળી સામાન્ય રીતે એણે મનુષ્યને જમીન ઉપર ચાલતા જોયા છે અને આ

ચારણમુનિ ચારણ ઋદ્ધિધારી છે, આકાશગામિની વિદ્યા સાધ્ય છે એટલે જે આકાશમાં વિહાર કરે છે, એ આકાશમાંથી ઉતરતા જોવે છે. એટલે થોડું વિશેષ કુતૂહલ થાય છે. બે પ્રકારનું કુતૂહલ છે. એટલે એનો હરણને મારીને ખાવાનોજે તીવ્ર કષાય હતો એ ત્યાં મંદ કષાય થઈ ગયો કુતૂહલવશ જ, જિજ્ઞાસાવશ, જેને જિજ્ઞાસા કહીએ, કુતૂહલ કહીએ. પણ સંકલ્પ ફરી ગયો હતો અને વિકલ્પ આવ્યો હતો કે આ ન ખાવું, એવું તો કાંઈ બુદ્ધિપૂર્વક બન્યું નહોતું. ખાલી એક એની રાગની દિશા બદલાણી કે અરે.. આ શું? મનુષ્યો અને તે સામે ચાલ્યા આવે છે! અને તે પણ આમ ઉપરથી આવે છે! આ તે શું! જ્યારે એમની દેશનાની શરૂઆત થાય છે ત્યારે પરિણામ બદલે છે. ત્યારે એને આત્મા બાજુના પરિણામ આવે છે એમાં રાગ અને જ્ઞાન બેયનું પરિણમન શરૂ થાય એ તત્ત્વવિષયક થઈ ગયું.

હવે જ્યાં તત્ત્વવિષયક પરિણમન થયું એમાં આ ખાવું ને આ ન ખાવું એવો વિકલ્પ પણ ન આવ્યો હોય. એવો વિકલ્પ આવ્યો હોય એમ કેમ બને? એ તો એના વિષયમાં પડી ગયા. સ્વ વિષયમાં આવી ગયા. હવે એ જે સ્વ વિષયની તત્ત્વજ્ઞાનની પરિણમનની મર્યાદા છે ઈ એટલી ઊંચા સ્તરની છે, શુભભાવ સહિતની ભૂમિકા લઈએ તો એ ભૂમિકા એટલા ઊંચા સ્તરની છે કે એમાં અભક્ષ્યનો ત્યાગ કરવાનો જે શુભભાવ છે એ નીચા સ્તરનો શુભભાવ છે. તો જેનું વજન એમ છે કે અભક્ષ્યનો ત્યાગ કર્યો છે કે નહીં? એ એમ વિચારે છે કે અભક્ષ્યનો ત્યાગ કર્યો હોય એ સ્તર કાંઈક ઊંચું છે, તત્ત્વજ્ઞાનનો વિચાર આવ્યો એમાં શું? તત્ત્વનો, આત્માનો વિચાર આવ્યો એમાં શું? એણે અભક્ષ્યનો ત્યાગ હજી ક્યાં કર્યો છે.

મુમુક્ષુ :— તત્ત્વજ્ઞાનનો વિચાર કરે ત્યાં અભક્ષ્યનો ત્યાગ થઈ જાય જ ને!

પૂજ્ય ભાઈશ્રી :— ઓટોમેટિક જ થઈ જાય એ તો. પછી તો શું થાય છે કે વિકલ્પ ભલે ન આવ્યો કે આને હું ન ખાઉં પણ આત્મા બાજુ વળતાં રાગ મટી અને શુદ્ધોપયોગ સુધી પહોંચી ગયા, સમ્યગ્દર્શનને પ્રાપ્ત કર્યું. એ પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શનમાં ત્યારે આવ્યા છે. એમની પ્રસિદ્ધિ, એ જીવના પરિભ્રમણની પ્રસિદ્ધિ તો 'ઋષભદેવ' ભગવાનથી છે. 'ઋષભદેવ' ભગવાનના એ પૌત્ર હતા. દીકરાના દીકરા 'મરિચિકુમાર'. અને ત્યાંથી તો એમણે પ્રસિદ્ધપણે વિરોધ કર્યો છે. ચોવીસ તીર્થંકરોનું જે મહાપુરાણ છે, 'મહાપુરાણ', 'આદિપુરાણ', 'પદ્મપુરાણ' અને 'મહાપુરાણ'. 'મહાપુરાણ'માં ચોવીસે તીર્થંકરોનો ઇતિહાસ છે. એમાં 'મહાવીરસ્વામી' ભગવાનનો ઇતિહાસ એવો છે કે 'ઋષભદેવ' ભગવાનના વખતમાં એમણે સમવસરણમાં બહાર રહીને ગાળોનો વરસાદ વરસાવવાનો બાકી નથી રાખ્યો. એટલો વિરોધ કર્યો છે. આ માયાજાળીયો છે, આ પ્રપંચી છે, આ બધાને છેતરે છે, મારા બાપના બાપ છે, હું ઓળખું છું, તમે ક્યાંથી ઓળખો? ત્યાંથી માંડીને ઘણો વિરોધ કર્યો છે. ગયા છે નરકમાં. એવું નહિ કે ભગવાનનો જીવ હતો એટલે નરકમાં જવાનું કેમ કહેવાય. એ તો ન્યાય તો બધાને પરિણામ કરે એ અનુસાર કુદરતી તોળાય છે. કોઈ તોળવા, નહીં તોળવાનું, ઓછુંઅદકું દેવાનો કોઈને અધિકાર કે એવો કોઈ પ્રસંગ છે નહીં.

ત્યારપછી એ જે જે ભવમાં મનુષ્ય થયા છે તે તે ભવમાં અસંખ્ય, અબજ વરસ ગયા છે. એમણે જૈનધર્મનો વિરોધનો ઝંડો લઈને મુખ્યપણે પ્રવૃત્તિ કરી છે. તીવ્ર ક્રોધના પરિણામ કર્યા છે અને નરકમાં અનેક વાર ગયા છે, એક વાર નહીં પણ અનેક વાર નરકમાં ગયા છે, અનેક વાર ક્રોધી રાનિ જંગલી પશુના ભવમાં ગયા છે. અજગરના ભવ, વાઘના ભવ, મગરમચ્છના ભવ, હાથીના ભવ. આ નરકમાંથી જ સિંહના ભવમાં આવે છે. સિંહના ભવમાં આવ્યા છે ત્યાંથી અને ત્યાં પણ હજી ક્રોધની પ્રકૃત્તિ (છે). સિંહ પણ ક્રોધી પ્રાણી છે. લગભગ જંગલી પ્રાણી બધા ક્રોધી હોય છે.

એનો કાળ ત્યાં બરાબર ભરાઈ ગયો છે. જ્યાં દેશના સાંભળે છે કે અરે...! કોણ છો તું આ? કુદરતી કેવો નિયમ છે કે એને ભાષા ને ભાવ ને બધો મેળ ખાય છે. ચારણ ઋદ્ધિધારી મુનિ છે. નહિતર તિર્યંચ પ્રાણીને ઉપદેશનો પ્રસંગ ન હોય. દેશનાનો પ્રસંગ

તિર્યંચને બનતો નથી. શાસ્ત્રો તો વાંચી શકતા નથી, મનુષ્યને એ સાંભળીને સમજી શકતા નથી. છતાં એવો જ પ્રસંગ બને છે કે એની ભાષામાં એ સમજે એવો પ્રસંગ (બને છે). મુનિઓ ઋદ્ધિધારી હતા ને! સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.

સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય છે ત્યારે એટલી હદે આવે છે કે ભૂખ લાગી છે છતાં પણ મારેલા હરણને પછી ખાવાની વૃત્તિ ફરી જાય છે. ત્યારથી સમાધિમરણ પર્યંતના સર્વ કાળમાં ત્યાગ કરી નાખે છે. કેમકે સિંહ ખડ ખાય નહીં. સિંહ ખડ ખાય નહીં અને એને બીજા પ્રાણીને મારીને ખાવું નહીં, બે વાત એકસાથે ભેગી થઈ ગઈ. એટલે જ્યાં સુધી એ દેહ છૂટે ત્યાં સુધી આહારનો ત્યાગ કરે છે. ત્યારે આહારનો ત્યાગ કરે છે અને સીધા ત્યાંથી મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. પછી મનુષ્ય ને દેવ, મનુષ્ય ને દેવ, દસે ભવમાં દેવ અને મનુષ્ય સિવાય બીજી ગતિ થતી નથી.

કહેવાનો મતલબ એ છે કે સહજ કષાયની મંદતા થાય અને બાહ્ય ત્યાગ અને વ્રત અને નિયમ, સંયમમાં પરિણામ જાય તો એ હઠથી ન જવા દઈને અશુભમાં જવું, એવો સાવ સામાન્ય બુદ્ધિ બહારનો ઉપદેશ તો જૈનદર્શન જેવા તાત્ત્વિક દર્શનમાં હોવાનો પ્રશ્ન જ રહેતો નથી. એટલે એ વાત તો વિચારવા યોગ્ય પણ રહેતી નથી. પણ સામાન્ય રીતે એમ જોવામાં આવે છે કે જીવો દર્શનશુદ્ધિનો પ્રયત્ન કરવાને બદલે અનેક પ્રકારના રાગનો અભાવ કરવા માટે બાહ્ય પદાર્થના ત્યાગમાં જાય છે. અને એ ત્યાગ છે એને લઈને એને શું થાય છે એ હવે નીચે કહે છે.

'**દૃષ્ટિમાં વિકલ્પનો ત્યાગ કરતો નથી...**' આ તો બહુ માર્મિક વચન છે. શ્રદ્ધાનમાં તો રાગને એવો પકડ્યો છે કે આ રાગ કરવા જેવો છે, પહેલા આ રાગ કરવા જેવો છે, આ પહેલા છોડું, આનો ત્યાગ કરું, એમ રાગને તો ઘણો ગ્રહણ કરે, અભેદપણે ગ્રહણ કરે, એકપણે ગ્રહણ કરે એનો તો દૃષ્ટિમાંથી ત્યાગ કરતો નથી. શ્રદ્ધાનમાં એને તો એકત્વ કરે. '**અને બાહરના ત્યાગ કરી બેસે છે...**' એટલે અમુક પદાર્થો છોડે છે. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં વિભિન્ન પ્રકારના ત્યાગને ગ્રહણ કરે છે. ત્યારે તે ત્યાગ કરવાના રાગને ગ્રહણ કરે છે. શું કરે છે? જ્યારે એ બાહ્ય પદાર્થનો ત્યાગ કરે છે ત્યારે તે બાહ્ય પદાર્થના ત્યાગના રાગને તો શ્રદ્ધાનમાં એકત્વપણે ગ્રહણ કરે છે અને ચારિત્રમોહમાં પણ એને ગ્રહણ કરે છે.

અને '**તે મિથ્યાત્વના જ પોષણનું કારણ છે.**' આ મોટું નુકસાન છે. ભલે કદાચ થોડું અશુભ ઘટ્યું, પણ સર્વથી મોટામાં મોટી અશુભ પ્રકૃતિ છે એ મિથ્યાત્વની છે. મિથ્યાત્વની પ્રકૃતિ શુભ કે અશુભ? ચોખ્ખી અશુભ છે. એમાં કોઈ શુભનો વિકલ્પ છે નહીં. મિથ્યાત્વની પ્રકૃતિ સૌથી મોટું અશુભ છે અને જૈનદર્શન સિવાય તમામ અન્યમતમાં મોટા પાપને કોઈ સમજતું નથી અને નાના પાપ છોડાવવાનો સર્વત્ર ઉપદેશ ચાલે છે. આ તો મોટી ગડબડ છે. મોટી ગડબડ હોય તો આ છે કે નાના પાપને મોટું બતાવે. એને છોડવા માટે ઘણી મહત્તા આપે. જુઓ ને! આ લોકો વ્યાજ નથી ખાતા. મુસલમાન લોકો ઈસ્લામ ધર્મની અંદર એમ કહે છે કે અમારે વ્યાજ ન ખાવું, એમાં પણ ખાસ કરીને જે મક્કા જઈને હજ કરી આવે, હાજી થઈ આવે એ લોકો તો ખાસ એમ માને કે અમે હવે હાજી થયા છીએ અને હાજી લોકોને તો વ્યાજ ખવાય નહીં. શું કરે?

મુમુક્ષુ :— ... મિથ્યાત્વનો ત્યાગ પછી કરશું.

પૂજ્ય ભાઈશ્રી :— પણ પહેલા આમ કરવામાં શું વાંધો છે? તમે પુરુષાર્થ તો એક બાજુ લઈ જાઓ છો ને? તમારે જે કાંઈ સામાયિક, પ્રતિક્રમણ, ત્યાગ જે કાંઈ શુભભાવમાં કરવું હોય એ બાજુ તમે પુરુષાર્થને તો પ્રેરો છો કે નહીં? એ પુરુષાર્થને એમ પ્રેરવાને બદલે પુરુષાર્થને શુદ્ધ શ્રદ્ધાન કરવામાં કાં પ્રેરતા નથી? બસ! આટલો સવાલ છે. પહેલું જે કરવા યોગ્ય છે તે પહેલું કરવું, પછી જે કરવા યોગ્ય છે તે પછી કરવું, એમાં શું વાંધો છે? જે અનાદિથી પ્રસિદ્ધ માર્ગ છે, જિનોક્ત માર્ગ છે આ તો, જિનમાર્ગ છે, એ જિનમાર્ગને છોડીને બીજો ચીલો ચાતરવાથી ફાયદો શું છે? કાંઈ પોતાનું મહત્વ સ્થાપવું છે? કે નહીં, ભગવાને ભલે કહ્યો અમે સ્વતંત્રપણે આ ગોત્યું છે.

મુમુક્ષુ :— સામાયિક, પ્રતિક્રમણ બધું કરવાનું કહ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :— પણ ભગવાને માર્ગનો ક્રમ આપ્યો છે કે નહીં? અહીં ક્રમનો સવાલ છે. માર્ગનો જે ક્રમ છે એ ક્રમ છોડીને અક્રમે માર્ગને ગ્રહણ કરવો એ તો આજ્ઞાની અવજ્ઞા કરવા બરાબર છે, આજ્ઞા તોડવા બરાબર છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવે' કહ્યું છે કે જૈન નામ ધારીને પણ આવું વર્તન ન હોય, એના ઉપર પહેલા ભાર મૂકવો કે એ ગૌણ કરવું અને પહેલા આ મુખ્ય કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- આ મુખ્ય કરો તો બધું આવી જશે. આ મુખ્ય કરો તો બધું એમાં આવી જશે અને નહિતર જૈન નામધારીપણું રાખવામાં રોકાઈ જવાશે. જૈન નામધારીપણું તો આવ્યું ને! ચાલો એટલું તો આપણે કર્યું ને! ભાઈ! એ અનંત વાર કર્યું છે. તું દ્રવ્યલિંગી અનંત વાર થયો એમાં જૈન નામધારીપણાનો તને આટલો મોહ શું હવે? દ્રવ્યલિંગી તું અનંત વાર થયો, હવે જૈનનામધારીપણું તો આવવું જોઈએ, ઓછામાં ઓછું એટલું તો કરું. એ દિશામાં તું ખેંચા માં, એ દિશામાં પુરુષાર્થનો વ્યય કર માં. તારી સર્વ શક્તિ અને સર્વ ઉદ્યમથી એક શ્રદ્ધાન શુદ્ધ થાય એ પ્રયત્ન જો તું કર તો તું સન્માર્ગે છો, સમ્યક્ માર્ગે છો. બસ! તું સમ્યક્ માર્ગે છો એટલે પૂર્ણવિરામ થઈ ગયું, એમાં પછી બીજા વિકલ્પને સ્થાન નથી.

પાંચમા ગુણસ્થાનવર્તી સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ બળદના ભવમાં ઊભો લીલો ચારો ચરે. કેટલો? ચોથું નહીં, પાંચમા ગુણસ્થાનવર્તી. હવે તમે એને જૈન નામધારી કેવી રીતે કહેશો? સામાન્ય રીતે લીલોતરી છે, એ મિથ્યાદૃષ્ટિ હોય તો વિચાર આવે કે ભાઈ, અમુક મોટા દિવસો છે કે તિથિના દિવસો છે તો આપણે લીલોતરી ન લઈએ. હવે આ તો પાંચમે ગુણસ્થાને છે. લીલોતરી સિવાય એનો બીજો આહાર નથી. એ પંચમ ગુણસ્થાને હોય છે. એને જૈન નામધારી નથી એમ કહેશો? ખરો સાચો જૈન શ્રાવક જ એ છે, નામધારી શ્રાવક તે ખરેખર શ્રાવક નથી. સાચો શ્રાવક જ એ છે. ભગવાનના જ્ઞાનમાં અને ભગવાન એને સાચા શ્રાવકનું સર્ટિફિકેટ આપે છે, નામધારીને નહીં. એમ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'નો આ શબ્દો પાછળ આશય શું હતો?

પૂજ્ય ભાઈશ્રી :- આશય એ છે કે લોકો સમાજની અંદર સ્વચ્છંદે ચડવાનો ઘણો સંભવ છે. વર્તમાન કાળ, વર્તમાન આચાર, વિચાર, ધંધા, વેપાર અને સંયોગોનો પ્રકાર એવો છે, પાંચ ઇન્દ્રિયના વિષયોના સાધનોની વિપુલતા (એટલી છે) કે લોકો સાચું સમજવા જતાં સ્વચ્છંદ કરતાં વાર લાગે નહીં. એટલે સાથે સાથે બધી વાત આવે પણ એની મર્યાદા પરમાર્થે શું છે એ સમજવું જોઈએ, પક્કડ કરવા માટે કોઈ વાત કરી નથી.

મુમુક્ષુ :— આ બળદ પાંચમું ગુણસ્થાને કેવી રીતે છે?

પૂજ્ય ભાઈશ્રી :— એને સ્વરૂપસ્થિરતા એટલી આવે છે. તિર્યંચ સંજ્ઞી પંચેન્દ્રિય સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી વિશેષ સ્વરૂપસ્થિરતામાં આવે તો એ સ્વરૂપસ્થિરતા એ પંચમ ગુણસ્થાન છે. એ ભગવાનના જ્ઞાનમાં તિર્યંચ ગતિના સાધકની ઉત્કૃષ્ટ મર્યાદા છે. ત્યાં સુધી તે જીવ સાધન કરી શકે છે અને કરે છે, અત્યારે પણ છે. અઢી દ્વિપની બહાર સ્વયંભૂરમણ સમુદ્રમાં છે. આજે પણ છે, અત્યારે પણ છે. એ દિવ્યધ્વનિથી શાસ્ત્રોમાં પ્રસિદ્ધ વિષય છે. એમ છે. આપણે શું છે કે પાંચમા ગુણસ્થાનમાં શ્રાવકમાં દેશવ્રત, અંશે ત્યાગ લેવામાં આવ્યો છે. એ તો એનો બાહ્ય દેખાવ છે કે સ્વરૂપસ્થિરતા વધતા અનેક પ્રકારનો બુદ્ધિપૂર્વકનો રાગ ઉત્પન્ન ન થાય અને તેથી એને રાગના વિષયનો અભાવ હોય, એને સંયોગ જ ન હોય ત્યારે એને જે બાહ્ય ત્યાગ દેખાય એને અંશે ત્યાગ અથવા દેશવ્રત કહીએ. પણ કોઈ એવો ત્યાગ કરે માટે શ્રાવક છે, એમ નથી. સ્વરૂપસ્થિરતા તે પંચમ ગુણસ્થાન છે. બાહ્ય ત્યાગ તો એનું બાહ્ય પરિણામ છે, બાહ્ય દેખાવ છે એનો. પણ કોઈ નકલ કરે, સ્વરૂપસ્થિરતા ન આવે પણ બાહ્ય ત્યાગની નકલ કરી લે કે આ અમે દેશવ્રત પાળીએ છીએ તો એને પંચમ ગુણસ્થાન ગણવું કે નહીં? કે એને પંચમ

ગુણસ્થાન તો નથી પણ એને પંચમ ગુણસ્થાન માનવા જતાં ચોથું ગુણસ્થાન પણ નથી, એને પહેલું છે અને તે પણ ગૃહિત મિથ્યાદર્શનનું પહેલું છે. મિથ્યાદર્શન પહેલું છે પણ એમાં ગૃહિત મિથ્યાદર્શનનું પહેલું ગુણસ્થાન છે. અગૃહિત પણ એને રહેતું નથી. એટલો બધો દોષ છે.

એવા માન્યતાના મોટા દોષને સમજે નહીં, વિચારે નહીં, સમજીને ટાળવાનો પ્રયત્ન કરે નહીં અને બહારનો ત્યાગ કરી બેસે છે કે આમ કરતાં મારું કલ્યાણ થશે, મારો રાગ ટળશે, મને લાભ થશે, એટલો તો લાભ ખરો ને! એ મિથ્યાત્વના ભાવનું જ પોષણ કરે છે. આ મોટું નુકસાન છે.

મુમુક્ષુ :— ચોથાવાળો દ્રવ્યલિંગી થાય તો ચોથું પણ ચાલ્યું જાય?

પૂજ્ય ભાઈશ્રી :— નહીં, દ્રવ્યલિંગી થાય છે, કોઈ ચોથા ગુણસ્થાનમાં જીવ દ્રવ્યલિંગ અંગીકાર કરે, દીક્ષા અંગીકાર કરે ત્યારે એ અંતરંગમાં અને બાહ્યમાં માને અને મનાવે કે હું સાધુ નથી પણ હું ચોથા ગુણસ્થાનવર્તી સાધક છું. ભલે મેં દીક્ષા અંગીકાર કરી છે તોપણ હું સાધુપણાનો અભિલાષી છું, મારી સાધુ થવાની ભાવના વર્તે છે, તીવ્ર ભાવના વર્તે છે. સહજપણે જ અશુભ ઉપયોગમાં જવાતું નથી અને સહજપણે જ પંચ મહાવ્રતાદિ શુભ ઉપયોગમાં રહી શકાય છે, તે પણ હઠથી નહીં.

(રાગની) મંદતા હોય તો એ મંદતા છોડીને ગૃહસ્થીના તીવ્ર કષાયના પરિણામ કરવા એવો તો કાંઈ ઉપદેશ નથી. એમ દ્રવ્યલિંગી ચોથા ગુણસ્થાનવર્તી પણ હોય, દ્રવ્યલિંગી પાંચમા ગુણસ્થાનવર્તી પણ હોય. ત્યાંથી એ પાંચમામાં આવે. છઠ્ઠા-સાતમાના પુરુષાર્થ ન પહોંચે તો કોઈ પાંચમામાં આવે. તોપણ એ સમજે છે કે મારા પરિણામમાં હજી સાધુદશા-મુનિદશા પ્રગટ થઈ નથી. કેમકે મુનિદશા તો પ્રગટપણે એવી છે કે ક્ષણે ક્ષણે એ શુદ્ધોપયોગમાં આવે છે. હવે પ્રતિક્ષણે શુદ્ધોપયોગમાં અવાતું નથી છતાં ક્યારેક ક્યારેક શુદ્ધાત્માનો ઉપયોગ તો થાય છે અને જ્ઞાતાધારા પણ વર્તે છે તો એનો કાંઈ નિષેધ ન થઈ શકે. જે પરિસ્થિતિ છે તે છે. એને અન્યથા માને નહીં અને અન્યથા મનાવે નહીં. માને તો જ મનાવે, માને નહીં તો મનાવવાનો તીવ્ર કષાય તો એને આવે નહીં. મનાવવું તો તીવ્ર માયાચાર છે. પોતે માને નહીં તો મનાવવાનો પ્રશ્ન નથી. પોતે માનતા નથી, મનાવતા પણ નથી તેથી તે નિર્દોષ છે. ભલે દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય, એનો એને કાંઈ દોષ છે નહીં અને તેને મિથ્યાત્વ આવતું નથી. મિથ્યાત્વ નથી થતું.

એટલે આખો જે માન્યતાનો વિષય છે, મિથ્યા માન્યતા અને સમ્યક્ માન્યતા, એ વિષયને સાંગોપાંગ પહેલા સમજવો જોઈએ. પહેલે પગથિયે સાધકદશાની શરૂઆત ત્યાંથી થતી હોવાથી એ વિષયને પૂરો સમજીને આગળ ચાલવું જોઈએ. એને છોડી દે, એને સમજે જ નહીં અને બીજી રીતે કોઈ પણ પ્રકારે ધર્મ કરવાનું વિચારે, એ બધો ઉન્માર્ગ છે. એ આખો ભગવાને કહેલા જિનમાર્ગને છોડીને પ્રવર્તવાની બુદ્ધિ થઈ છે તે અન્ય મતની બુદ્ધિ છે. બધા જ અન્યમતિને એમ સૂઝ્યું છે. ત્યાંથી જ અન્ય મત પાંગર્યો છે. પછી તો ઘણા માનવાવાળા થાય ત્યારે એને સંપ્રદાય કહેવામાં આવે છે.

એટલે કહે છે કે પહેલાં તું ચારિત્રદોષ એટલે રાગાદિ ટાળવાનો પ્રયત્ન કરે છે. કઈ રીતે? બાહ્ય પદાર્થનો ત્યાગ કરીને. પદાર્થના ત્યાગથી રાગનો ત્યાગ થશે એમાં એ શલ્ય પડ્યું છે. પદાર્થના ત્યાગથી રાગનો ત્યાગ થશે. રાગનો હું અભાવ કરું તો પદાર્થનો સહેજે સંયોગ નહીં થાય. કેમકે વૃત્તિ વિના તો સંયોગ થવાનો સવાલ નથી. અને વૃત્તિ વિના કોઈ સંયોગ થયો તો એનો દોષ નથી. જેમ કે ભગવાનને વૃત્તિ નથી અને સમવસરણ ખડું થાય છે. એવો વૈભવ તો ક્યાંય હોતો નથી. ભગવાનને પરિગ્રહનો દોષ નથી. મુનિ નિર્વસ્ત્ર હોય છે. કોઈ ઉપસર્ગ કરીને ધાબળો ને શાલ કે ગમે તે કપડા ફેંકે એટલે કાંઈ મુનિને દોષ નથી. વૃત્તિપૂર્વક ગ્રહણ કરે તો ચારિત્રનો દોષ છે. નહીંતર તો કાંઈ દોષ લાગતો નથી.

એટલે કહે છે કે ચારિત્રનો દોષ તું ટાળવાનો પ્રયત્ન કરે છે તે કરતાં પહેલા દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર. પહેલા તું તારું શુદ્ધ શ્રદ્ધાન થાય એ પ્રયત્ન, એ દિશાનો તું પ્રયત્ન કર. અને એ દિશાનો પ્રયત્ન કરવા અર્થે એની

આખી લાઈનદોરી છે. બહારના ત્યાગમાં કષાયની મંદતાનો તને વ્યામોહ છે કે આટલો કષાય મંદ થાય છે પણ એથી વધારે કષાય મંદ તો દર્શનશુદ્ધિના પ્રયત્નની શરૂઆતમાં જ થઈ જાય છે, એથી વધારે, ઊંચા સ્તરનો.

જે કોઈ જીવ સ્વરૂપશ્રદ્ધાનમાં આવતા પહેલાં સ્વરૂપની અંતર જિજ્ઞાસામાં, અપૂર્વ જિજ્ઞાસામાં આવે છે એના બાહ્ય વિષયો પત્યેના પરિણામ એટલા નીરસ થાય છે, શરૂઆતની જિજ્ઞાસાના કાળમાં એટલા નીરસ થાય છે, જિજ્ઞાસાને વશ એટલા નીરસ થાય છે કે એટલા નીરસ તો ઉપરટપકે કરેલા બાહ્ય ત્યાગથી પણ થતાં નથી. ઓલો તો તને ખોટો વ્યામોહ છે. કેમકે બહારનો ત્યાગ થયો ને એટલે એ દેખાવ ને આડંબરનો તને શોખ છે, પરિણામ સામું તારી દૃષ્ટિ નથી. જો પરિણામ ઉપર દૃષ્ટિ હોય તો પરિણામ તો આમાં વધારે ઊંચા સ્તરના અથવા અત્યંત મંદ કષાયના થાય છે. એ રસ્તો તો તેં છોડી દીધો અને બહારમાં ત્યાગ થયાનો દેખાવ થયો કે હું આ નથી કરતો, આ છોડી દીધું છે. એ તને પસંદ છે, તને એ જાતનો મોહ છે, બીજું કાંઈ નથી. લાભ તો એમાં ઓછો છે અને આમાં લાભ વધારે છે. છતાં એક બાહરમાં દેખાવનો આડંબરનો પણ સ્થૂળ કે સૂક્ષ્મ પરિણામ ભજતો હોય ત્યારે એ શુભ પરિણામની સાથે સાથે એ માયાનો એક પ્રકાર છે. શેનો પ્રકાર છે? માયાનો એ પ્રકાર છે. માયા એવો છૂપો ચોર છે. માન અને માયા, ખબર પડે નહીં. એવો વિષય છે.

કહે છે કે, એને ટાળવાનો પ્રયત્ન કરે છે તે કરતાં પહેલાં દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર. આમ કહેનાર પોતાના ઘણા અનુભવના નિચોડથી કહે છે. પહેલાં તો એ વિચારવું ઘટે છે કે આ જે કહેનાર છે એ ઘણા જ અનુભવપૂર્ણપણે આ વાતને રજુ કરે છે. આ વાત પ્રસ્તુત વિષય છે એ ઘણા અનુભવથી મૂકાયેલી વાત છે.

આ ભવમાં જુઓ તો 'ગુરુદેવશ્રી'એ પણ સ્થાનકવાસીની દીક્ષા અંગીકાર કરેલી હતી. શું? દીક્ષા અંગીકાર કરી હતી. પંચ મહાવ્રતની પ્રતિજ્ઞા બધું એની અંદર આવે. એ બધું કેટલું મંથન ચાલ્યું હશે! આપણે તો પ્રત્યક્ષ પરિચય છે. એમ કહેતા કે અમે તો માથાબૂડ હતા. શેમાં?

મુમુક્ષુ :- સ્થાનકવાસીને પંચ મહાવ્રત હોય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્યારે દીક્ષા અંગીકાર કરે ત્યારે તો બધું આવે જ ને! વિધિમાં તો બધું આવે. પછી ભલે વિધિમાં થોડો ફેરફાર કર્યો હોય.

મુમુક્ષુ :- સર્વવિરતિ લેવી પડે.

પૂજ્ય ભાઈશ્રી :- સર્વવિરતિ હોય ને! એટલે એ બધું આવે ને! અહિંસા આદિ પાંચ છે ને? જૂઠું, ચોરી, પરિગ્રહનો ત્યાગ અને અબ્રહ્મનો ત્યાગ. દેશવ્રત અને મહાવ્રત. એ લોકો દેશવ્રત અને મહાવ્રત જ કહે છે ને. દેશવ્રત ને મહાવ્રત જ કહેવાય છે. શ્રાવક માટે દેશવ્રત.

મુમુક્ષુ :- અઠ્યાવીસ મૂળગુણ...

પૂજ્ય ભાઈશ્રી :- અઠ્યાવીસ મૂળગુણનો વિષય નથી, પંચ મહાવ્રત છે. પછી બાકીના જે ઉત્તરવ્રતો છે એમાં ઘણો ફેરફાર છે અને છૂટછાટો ઘણી છે.

મુમુક્ષુ :- એનામાં સત્યાવીસ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સત્યાવીસ છે? ઠીક! ભાઈને ખબર (છે), સત્યાવીસ છે. એટલે એવું છે. થોડો ઘણો ફેરફાર કરે. મૂળ તો જે પરંપરા ચાલી આવે છે એમાં જુદા પડે ત્યારે શું કરે? કે થોડો ફેરફાર કરે કે અમારું આટલું જુદું છે. આ અમારું આટલું સ્પેશ્યલ. તમારું આટલુ, આમારું આટલું. એમ જુદું તો ત્યાર જ પડે ને. એક હોય તો તો જુદું પડવાનો પ્રશ્ન રહેતો નથી.

ગળાબૂડ નહીં, માથાબૂડ હતા. હવે એમાંથી નીકળ્યા છે. એમણે કેટલું મંથન કર્યું હશે ! ત્યાગ કાંઈ નહોતો લીધો એવું નહોતું. પણ ઘણા મંથનથી એ વાત આવી છે.

**(૩૯:૦૦ મિનિટ સુધી, પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં...)**

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૪ C



પ્રશ્ન :— જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી તેણે જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું એમ જિનાગમ આદિ સર્વ શાસ્ત્રો કહે છે. પોતાની ઇચ્છાએ પ્રવર્તતા અનાદિ કાળથી રખડ્યો છે. એમાં શું અર્થ હશે એ કૃપા કરીને સમજાવશો.

ઉત્તર :— જેને આત્માનું સ્વરૂપ સમજવું હોય અને જ્ઞાનની—આત્માના જ્ઞાનની પ્રાપ્તિ કરવું હોય, આત્માનું સ્વરૂપ પ્રાપ્ત કરવું હોય, તે પોતે અનાદિથી જેવી રીતે પોતાની ઇચ્છાએ એકત્વબુદ્ધિથી જે વર્તી રહ્યો છે એવી રીતે નહિ વર્તતા જ્ઞાની શું કહે છે અને જ્ઞાનીનો કહેવાનો શું આશય છે એવી રીતે વર્તન કરવાથી એને અંતરમાંથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પોતે તો અનાદિથી ભ્રમમાં પડેલો છે. કારણ કે સ્વરૂપને તો જાણતો નથી અને જેણે જાણ્યું છે એની ઇચ્છાએ એટલે કે એ જે કહેવા માગે છે, એ જે કહેવા માગે છે એનો આશય ગ્રહણ કરીને તત્ત્વનું શું સ્વરૂપ કહે છે? કેવી રીતે જ્ઞાનની પ્રાપ્તિ થાય? આત્મા શું છે? આત્માનું સ્વરૂપ શું છે? આ પરદ્રવ્ય-સ્વદ્રવ્ય શું છે? અને ભેદજ્ઞાન કેમ કરવું? અંતર આત્માને કેમ ઓળખવો? દ્રવ્ય ઉપર કેમ દૃષ્ટિ કરવી? દ્રવ્ય-ગુણ-પર્યાયનું શું સ્વરૂપ છે? એ જે જ્ઞાની જે સ્વરૂપ કહી રહ્યા છે, સ્વાનુભૂતિ કેમ પ્રાપ્ત થાય, જે સ્વરૂપ કહી રહ્યા છે એમનો કહેવાનો જે આશય છે તે આશય પ્રમાણે પોતે સમજી અને તે રીતે પરિણમન કરવું તો એના ભવનો અભાવ થાય અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

પોતાની ઇચ્છાએ એટલે કે પોતે અનાદિ કાળથી જે પોતાના સ્વચ્છંદપણે વર્તી રહ્યો છે, સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની એકત્વબુદ્ધિથી. દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ પોતાની મતિ કલ્પનાએ જેમ ઠીક પડે એમ માની રહ્યો છે. પોતાની મતિ કલ્પનાથી આનું આમ છે, આનું આમ છે એમ અર્થો કરી રહ્યો છે. એવી રીતે નહિ વર્તન કરતાં જે જ્ઞાની કહે છે તે પ્રમાણે પોતે એનો આશય સમજીને તે પ્રમાણે પરિણમન કરે તો જ્ઞાનની પ્રાપ્તિ થાય.

પ્રશ્ન :— માતાજી! એક પ્રશ્ન શું થાય છે કે સત્શાસ્ત્રો વાંચે તો એને જ્ઞાનની પ્રાપ્તિ કેમ ન થાય?

ઉત્તર :— એ શાસ્ત્રો વાંચે છે એમાં બધા રહસ્યો શાસ્ત્રોમાં આવે છે પણ જેને સાક્ષાત્ પ્રાપ્તિ થઈ છે એનો જે આશય ગ્રહણ થાય છે એ જુદી રીતે થાય છે. એમાં શબ્દો છે શાસ્ત્રોમાં. પણ કયા આશયથી શાસ્ત્રોમાં આવે છે એ આશય કાંઈ એ તો પોતે અંદર જે સમજેલો હોય તે અંદરથી આશય આચાર્યોનો શું છે એને નક્કી કરીને ગ્રહણ કરે છે. એ પોતે જે સમજેલા હોય એનું રહસ્ય સમજે છે. બાકી જે સમજ્યો નથી તે તો પોતાની મતિ કલ્પનાએ શાસ્ત્રોના અર્થો કરે છે. કારણ કે શાસ્ત્રોમાં દરેક જાતની વાત આવતી હોય એમાં નિશ્ચયની વાત આવતી હોય, વ્યવહારની વાત આવતી હોય, દરેક જાતની વાત આવે છે. એમાં દરેક દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ બધી રીતે (આવતું હોય), એમાં અનેક પ્રકારે નિશ્ચયનયથી, વ્યવહારનયથી દરેક વાત આવતી હોય પછી એને ક્યાં વજન દેવું? શું એનું સ્વરૂપ ગ્રહણ કરવું એ પોતાની મતિકલ્પનાએ પોતે સમજી લે છે. પણ જે સમજાવનાર હોય એ તો એનું ક્યાં વજન હોય છે, ક્યાં નથી હોતું, એ બધું એના ભાવ ઉપરથી ગ્રહણ થાય છે. એ ચૈતન્ય સ્વરૂપ જેને પ્રગટ થયું છે તે વ્યવહાર કોને કહેવાય, વ્યવહારનું કેટલું વજન? નિશ્ચયનું કેટલું વજન છે? દ્રવ્ય કોને (કહેવાય)? ગુણ કોને કહેવાય? પર્યાય કોને કહેવાય? એ જે પોતે સમજીને કહે છે એનો આશય તરત ગ્રહણ થવાનું કારણ થાય છે.

શાસ્ત્રોમાં તો પોતાની મતિ કલ્પનાએ અર્થ કરી લ્યે છે. વ્યવહારના શાસ્ત્રોમાં બધે વ્યવહારની ઘણી વાતો આવે અને અધ્યાત્મ શાસ્ત્રમાં બધી અધ્યાત્મની વાતો આવે, દ્રવ્યાનુયોગમાં દ્રવ્યાનુયોગની, ચરણાનુયોગમાં ચરણાનુયોગની, કરણાનુયોગમાં કરણાનુયોગની અનેક જાતની વાત આવતી હોય એમાંથી એનો મેળ કરવો એ એને મુશ્કેલ પડે છે. પોતાની મતિ કલ્પનાએ પોતાને જ્યાં રુચિ હોય, જે જાતનો પોતેને રસ હોય, વ્યવહારનો રસ હોય તો વ્યવહાર પ્રમાણે અર્થો કરે અને કોઈને અધ્યાત્મનો રસ હોય તો તે રીતે અર્થ કરે. પણ નિશ્ચય-વ્યવહારની સંધિ કરવી એ પોતાની મતિ કલ્પનાએ થઈ શકતી નથી. એ જ્ઞાની જે સમજાવે સાક્ષાત્ એ વાત જુદી હોય છે.

પ્રશ્ન :— માતાજી! કોઈને ક્ષયોપશમ વધારે હોય તો શું સાચા અર્થ ન કાઢી શકે?

ઉત્તર :— ક્ષયોપશમથી અર્થ ન થાય પણ અંદરની રુચિ (પ્રમાણે અર્થ થાય). ક્ષયોપશમ થોડો હોય પણ પ્રયોજનભૂત આત્માર્થી હોય તો એના અર્થો કરે. પણ એકવાર તો અનાદિથી જ્ઞાની પાસેથી એણે સાંભળેલું હોવું જોઈએ. એકવાર પ્રત્યક્ષ જ્ઞાની મળે. એને અંદરથી જે દેશનાલબ્ધિ થાય અને એને કોઈ અપૂર્વતા જાગે તો એને કાંઈક એની દૃષ્ટિ એ રીતે ગ્રહણ કરવાની તૈયાર થાય છે. બાકી એકવાર પ્રત્યક્ષ જ્ઞાની મળ્યા વગર એનો આત્મા એવી રીતે તૈયાર થઈ શકતો નથી. એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. પોતાની મેળાએ અર્થ કરે. ક્ષયોપશમથી અર્થો તો ઘણા કરે છે. અગિયાર અંગ સુધી અંદરથી જ્ઞાન પ્રગટે છે અગિયાર અંગનું. પણ અંદરથી પોતાને આત્મા તરફની યથાર્થ રુચિ થઈ નથી તો એ ક્ષયોપશમ ક્ષયોપશમરૂપે રહી જાય છે.

પ્રશ્ન :— આમાં જ્ઞાનીની ઈચ્છાએ પ્રવર્તવું એના ઉપર કાંઈક વજન વધારે હોય એવું લાગે છે. તો એ વજન આપવાનું કાંઈ કારણ હશે?

ઉત્તર :— જ્ઞાનીનો આશય જે હોય તે રીતે વર્તવું. કારણ કે અનાદિ કાળથી પોતાની મતિ કલ્પનાએ પાછો અર્થ કરે છે. ગુરુએ આમ કીધું છે એવી જાતનો અર્થ પોતાને ઠીક પડે ત્યાં, પોતાને જેનો રસ હોય એ પ્રમાણે અર્થ કરે છે. પણ તું ઊંડો ઉતરીને જ્ઞાનીનો શું આશય છે એને ગ્રહણ કર. તને જ્યાં ઠીક પડે, તને જ્યાં રુચે અને જ્યાં તને પોષણ થાય, તારી રુચિનું પોષણ થાય એવી રીતે તું ગ્રહણ કરી લે એમ નહિ. જ્ઞાનીને શું આશય કહેવો છે. તું તટસ્થ-મધ્યસ્થ થઈને એ વિચાર કર કે જ્ઞાનીનો શું આશય છે? મને ઠીક પડે એવી રીતે વિચાર કરે તો કાંઈ યથાર્થ સમજાતું નથી. પોતાને ઠીક પડે.

પોતાને પુરુષાર્થની મંદતા હોય અને ક્યાંક ખોટો બચાવ કરીને આમ જ કીધું છે એમ કરી નાખે તો ખોટું થઈ જાય. પોતાથી થાય નહિ તો ખોટી રીતે બચાવ કરીને એવો અર્થ કરે નહિ. જ્ઞાનીને શું આશય કહેવો છે, ધીરો થઈને વિચાર કરે. જે આત્માર્થી સાચો હોય એ ધીરો થઈને વિચાર કરે કે હું નથી કરી શકતો પણ જ્ઞાનીને તો આમ જ કહેવું છે. મારી પોતાની મંદતા છે. જ્ઞાનીની ઈચ્છાએ, જ્ઞાનીના આશય પ્રમાણે ગ્રહણ કરવું જોઈએ.

પ્રશ્ન :— આત્માના છ પદ છે એમાં કર્તા, ભોક્તા છે એમાં એમનો શું કહેવાનો ભાવ છે? ક્યુ કર્તાપણું લેવું?

ઉત્તર :— આત્માનું કર્તાપણું બેય રીતે આવી જાય છે કે આત્મા પોતે રાગાદિ ભાવનો કર્તા પોતે અજ્ઞાન અવસ્થાએ થાય છે અને સ્વભાવથી પોતાના સ્વભાવનો કર્તા છે. રાગ અવસ્થામાં પોતે વિભાવ અવસ્થામાં અજ્ઞાન અવસ્થાએ રાગાદિનો કર્તા છે. માટે એ રાગ છૂટી શકે છે અને મોક્ષ થાય છે. એમ મોક્ષનો ઉપાય છે. કર્તા છે, ભોક્તા છે. અજ્ઞાન અવસ્થાએ વિભાવનો કર્તા છે, ભોક્તા છે અન એમાંથી મુક્તિ થાય છે. મોક્ષ થઈ શકે છે અને મોક્ષનો ઉપાય પણ છે કે આત્મામાં કાંઈ છે જ નહિ. અને આત્મામાં વિભાવ જ થયો નથી અને એ કોઈ જડથી થયો છે અને પોતાના કારણે કાંઈ છે જ નહિ એવું નથી.

પોતે અજ્ઞાન અવસ્થાએ વિભાવનો કર્તા છે. અને વિભાવનો ભોક્તા પણ છે અને એમાંથી છૂટી શકાય છે. અને જ્ઞાન અવસ્થાએ સ્વભાવનો કર્તા થાય છે. અને એ સ્વભાવનો કર્તા થાય અને જ્ઞાતા થાય. તો એ જાતનો

મોક્ષનો ઉપાય છે અને મોક્ષ પણ છે એમ કહેવા માગે છે. આત્મા કાંઈ કરતો જ નથી અને વિભાવ કાંઈ થયો જ નથી એવું નથી. એમ કહેવા માગે છે. તો તો પછી કાંઈ કરવાનું રહે જ નહિ. જો કર્તા-ભોક્તા હોય નહિ તો. પોતે વિભાવ અનાદિથી જે થાય છે એ કાંઈ જડ નથી કરી દેતો. એ પોતે એમાં જોડાય છે. માટે વિભાવ થઈ રહ્યો છે એનો કર્તા પોતે છે અને એનાથી છૂટી શકાય છે. જ્ઞાન અવસ્થાએ પોતે સ્વભાવનો કર્તા થાય અને જ્ઞાતા થાય તો એ વિભાવ છૂટી જાય છે. એ કર્મ પછી કેમ છૂટે? તો મોક્ષ છે અને મોક્ષનો ઉપાય પણ છે.

પ્રશ્ન :— માતાજી! શાસ્ત્રમાં મુખ્યપણે તો નિશ્ચયને અને વ્યવહારને બે નયથી કથન આવે છે. નિશ્ચયનયનો અર્થ કે એમ જ છે અને વ્યવહારનયનો અર્થ કે એમ નથી. ભૂમિકા આદિનું જ્ઞાન કરાવવા માટે આ પ્રમાણે કથન કરવામાં આવ્યું છે. આવું બધું રહસ્ય શાસ્ત્રનું સમજીને જ્ઞાની વિના કે જ્ઞાનીની ઈચ્છાપૂર્વક ન પ્રવર્તે એને શું જ્ઞાન ન થાય?

ઉત્તર :— એવું સમજ્યો કે કેમ છે અને કેમ નથી? વસ્તુનું સ્વરૂપ સમજે એને પણ જ્ઞાનીના આશયથી પ્રવર્તન ન કરે અને (પોતાની) ઈચ્છાથી (વર્તે) એનો કાંઈ અર્થ નથી. એમ વર્તવાનું શું પ્રયોજન છે? કારણ કે એ તો પોતે પોતાના ક્ષયોપશમથી નક્કી કરે છે. એ તો નક્કી કરે છે પણ જ્ઞાની જે મુમુક્ષુને, જેને જ્ઞાન પ્રગટ થયું છે તે શું કહી રહ્યા છે? એવી જાતની ભાવના આવ્યા વગર રહેતી જ નથી. પોતે ક્ષયોપશમથી નક્કી કરે તો મેં જાણ્યું એ બરાબર છે. હવે જ્ઞાનીએ શું કીધું એ કંઈ વિચારવાનું કામ નથી. એવો જો ભાવ આવે તો એ આત્માર્થી જ નથી. મેં નક્કી કર્યું એ બરાબર છે. હવે જ્ઞાનીએ શું કીધું એ કાંઈ વિચારવાનું કોઈ કારણ નથી. એવો જો ભાવ આવે તો એ આગળ વધી શકે જ નહિ.

શાસ્ત્રથી નક્કી કરે પણ જ્ઞાની શું કહે છે? હું ક્યાંય ભૂલતો તો નથી ને? અદંરથી એવો વિચાર આત્માર્થીને આવ્યા વિના રહેતો નથી. એમ તો સમજે કે હું કઈ ભૂમિકાએ છું? અને જ્ઞાની જે આગળ વધેલા કઈ ભૂમિકાએ છે? એનું બહુમાન આવે નહિ અને પોતાની ઈચ્છાએ વર્તે તો એની ભૂમિકા તૈયાર જ નથી, એ જાતની નથી. એનો નિષધ કરવાનું પ્રયોજન (શું)? એ નિષેધ જ્યાં આવે છે ત્યાં એની પરિણતિમાં ખામી છે, પાત્રતા નથી. પોતે વિચાર કરે શાસ્ત્રનો પણ જ્ઞાની શું કહે છે એની સાથે મેળવવાનો એને ભાવ આવે અંદરથી. જ્ઞાનીનો શું આશય છે એ એને ભાવ આવ્યા વગર રહેતો નથી.

આચાર્યો પણ લખે છે કે જિનવરે આમ કીધું છે. જિનવરકથિત, જિનવરે આમ કીધું છે. આચાર્યો પણ શાસ્ત્રમાં લખે છે, ભગવાને આમ કીધું છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના આચાર્યો બધા શાસ્ત્રો લખે, વિચાર કરે તો એ ભગવાને શું કીધું છે એમ એમના પરિણામમાં આવ્યા વગર રહેતું નથી. જે સાધના કરે અને પોતાથી મોટા હોય એણે શું કીધું એના વિચાર આવ્યા વગર રહેતા નથી. એનો નિષેધ પરિણામમાં આવે અને પોતાની મતિ કલ્પનાએ (વિચાર કરે કે) એનું શું કામ છે? હું બધું સમજું છું એવો અર્થ આમાં થઈ જાય છે, જો નિષેધ કરે તો. હું વિચારું છું એ બરાબર છે. કોઈ બીજા જ્ઞાનીઓએ જાણ્યું (એનું) શું કામ છે. હું બરાબર સમજું છું. એવો વિચાર નિષેધનો આવ્યો તો એ પાત્રતાની ખામી છે. જેને સાધના કરવી હોય એણે પોતાથી મોટા હોય એનો વિચાર અને બહુમાન આવ્યા વગર રહેતું નથી અંતરમાં. તો એની પાત્રતાની ખામી છે. સ્વચ્છંદ છે.

આચાર્યો પણ શાસ્ત્રમાં ભગવાનનું નામ લઈને લખે છે. કેટલી એમની શક્તિ છે! કેટલું એમનું જ્ઞાન છે! મને તો બહુ જ્ઞાન થઈ ગયું. ભગવાને જેમ કીધું એમ જ હું કહું છું. હવે કાંઈ ભગવાનનું નામ લખવાની જરૂર નથી. એ કાંઈ વાત છે? એ સાધનારને આવે નહિ. પોતાથી મોટા હોય એને એમ થાય મારાથી મોટા આચાર્યો હોય, એ ક્યાં હું ક્યાં! એમ એને વિચાર આવે. તો ભગવાનની તો શું વાત! ભગવાનના તો વિચાર આવે પણ પોતાથી મોટા હોય એનો પણ વિચાર આવે.

**(ચર્ચાનો શેષ અંશ આવતા અંકમાં...)**



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિનો વિષય સંબંધિત વચનામૃતો

પ્રશ્ન :— આપ શુદ્ધપર્યાયને દૃષ્ટિની અપેક્ષાએ ભિન્ન કહો છો કે જ્ઞાનની અપેક્ષાએ?

ઉત્તર :— દૃષ્ટિની અપેક્ષાથી ભિન્ન કહીએ છીએ, જ્ઞાનની અપેક્ષાએ તો નહીં. દૃષ્ટિ કરવાના પ્રયોજનમાં ભિન્નતાનું જોર દીધા વિના દૃષ્ટિ અભેદ નથી થતી; તેથી દૃષ્ટિની અપેક્ષાએ જ ભિન્ન કહીએ છીએ; અને મારી તો આ દૃષ્ટિ પ્રધાન જ શૈલી છે, તેથી આમ જ કહીએ છીએ. (૨)

***

સિદ્ધ (પર્યાય)થી પણ હું અધિક છું. કારણ કે સિદ્ધ (દશા) તો એક સમયની પર્યાય છે, અને હું તો એવી એવી અનંતપર્યાયોનો પિંડ છું. (૭)

***

જેમ મેરુ પર્વત અડગ છે, હું પણ (સ્વભાવથી) એવો જ અડગ છું. મેરુમાં તો પરમાણુ આવે જાય છે, પરંતુ મારામાં તો કાંઈ આવતું જતું નથી; એવો હું અડગ છું. (૮)

***

હું વર્તમાનમાં જ મુક્ત છું, આનંદની મૂર્તિ છું, આનંદથી ભરચક સમુદ્ર જ છું, એવી દૃષ્ટિ થાય, તો પછી મોક્ષથી પણ પ્રયોજન નથી, મોક્ષ થાઓ તો થાઓ ન થાઓ તો પણ શું? (પર્યાયની આટલી ગૌણતા દ્રવ્યદૃષ્ટિમાં થઈ જાય છે.) મને તો વર્તમાનમાં પણ આનંદ આવી રહ્યો છે, પછી પરિણતિમાં તો મોક્ષ થશે જ (એવી પ્રતીતિ આવી જાય છે) પરંતુ મારે તો તેથી પણ પ્રયોજન (દૃષ્ટિ) નથી. (૯)

***

દ્રવ્યદૃષ્ટિના હિસાબે તો શુદ્ધ પર્યાય જ પરદ્રવ્ય છે, મારા અસ્તિત્વમાં તે (શુદ્ધપર્યાય) નથી, રાગની તો વાત જ શું ? (દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ અર્થાત્ દ્રવ્યસ્વભાવમાં અહંભાવરૂપ શ્રદ્ધાનું પરિણમ થવું, એવી શ્રદ્ધા થવાથી જ પર્યાય શુદ્ધ થાય છે પરંતુ શ્રદ્ધા તેમાં અહંભાવ કરતી નથી.) (૧૧)

***

પર્યાયમાં તીવ્ર અશુભ પરિણામ હો, અથવા ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શુદ્ધ પર્યાય હો, મારામાં (એકરૂપ દ્રવ્ય સ્વભાવમાં) કાંઈપણ બગાડ સુધાર નથી થતો, હું તો જેવો ને તેવો જ છું. (૧૨)

***

(દ્રવ્યદૃષ્ટિના જોરમાં) કેવળજ્ઞાનથી પણ અમારે પ્રયોજન નથીમોક્ષથી પણ પ્રયોજન નથી  તે તો થઈ જાય છે. (૧૩)